એમનો સાથ દેનારા પર અને ફરમાબરદારોં પર (અને પછી) એમની તરફ રગબત કરવાવાળા પર અને એમના એહતેજાજ પર એમની આવાઝમાં સુર પુરવનારા પર એમની પૈરવી કરવાવાળાની સાથે ઉભા થનારાઓ પર અને એમના અકવાલ માનવાવાળાઓ પર અને એમના અહેકામની તસ્દીક કરવાવાળા પર,(ચાર વખત કહે)

ખુદાવંદા તુ એમની ઉપર એવો અઝાબ નાઝીલ કર કે જેનાથી દોઝખવાળાઓ ફરીયાદ કરવા લાગે, અય સમસ્ત જગતના પરવર દિગાર મારી આ દુઆ કબુલ કર. (ચાર વખત કહે)

પસ અય ખુદા તુ એ બધા પર લાનત કર અને ખુદાવંદા તુ રહેમત નાઝીલ ફરમાવ મોહમ્મદ (સ.અ.વ.)ને આલે મોહમ્મદ (અ.મુ.સ.) પર અને પછી મને તારા હલાલની સાથે તારા હરામથી બેનીયાઝ ફરમાવ અને મોહતાજીથી મને પનાહ દે. પરવરદિગાર યકીનન મેં બુરૂ કર્યુ અને પોતાના નફસ પર ઝુલ્મ કર્યો. હું મારા ગુનાહોની કબુલાત કરૂં છું. હવે હું તારી સામે છું.તું તારા માટે મારા નફસની રઝામંદી કબુલ કર (કેમકે) મારી પુછતાજ તારી તરફ છે.અને હું તારી તરફ પાછો ફરૂ,તો તુ મારા પર રહેમ કર. એનાયત ફરમાવ જે ખાસ તારો હિસ્સો છે, તારા ફઝલ અને બખ્શીસ અને મગ્ફેરત અને કરમની સાથે અય રહેમ કરવાવાળાઓમાં સૌથી વધારે રહીમ અને રહેમત ફરમાવ અય અલ્લાહ તમામ અમ્બીયાના સૈયદને સરદાર ખાતમીન્નબીયીન (સ.અ.વ.) પર અને એ જનાબની પાકો પાકીઝા અને તાહેર અવલાદ પર તારી રહેમતથી અય રહેમ કરવાવાળાઓમાં સૌથી વધારે રહીમ.(નમાઝ શબ તથા દુઆએ સનમય કુરયશ.)


સંદર્ભ પુસ્તકો

(૧) બેહારૂલ અન્વાર (ઉર્દુ), લેખક: અલ્લામા મજલીસી (અ.ર.)

(૨) હકકુલ યકીન: લેખક: અલ્લામા મજલીસી (અ.ર.)

(૩) સચ્ચી કહાનીયા: શહીદ મુર્તુઝા મુતહરી.

(૪)સચ્ચે વાકેઆત: શહીદ આયતુલ્લાહ અબ્દુલહુસૈન દસ્તગયબ સાહેબ




# યુસુફે ઝહરા

## ઈ.મહદી અ.ની મુલાકાતનાં પ્રસંગો

ભાગ : ૪

::::::::::: અનુક્રમણીકા :::::::::::


| ક્રમ | કિસ્સો | પેજ |
|---|---|---|
| ૧ | ઈ.મહદી (અ.સ.) થી મુલાકાતઃ મારા ઝરીએ મારી એહલ અને શીઆ પરથી મુસીબતો દૂર થશે. | ૨ |
| ૨ | વેપારમાં ઈન્સાફના કારણે ઈ.મહદી (અ.સ.)ની મુલાકાત | ૨ |
| ૩ | ઈમામે ઝમાના અલયહિસ્સલામ માટે દુઆ કરવાના ફાયદા. | ૫ |
| ૪ | ખુમ્સની અહેમીય્યત | ૬ |
| ૫ | અલ્લાહના દોસ્ત,દોસ્તે ઈમામ અ.સ.'હાલુ' | ૯ |
| ૬ | ઈ.મહદી (અ.સ.) ની બારગાહમાં અરીઝા | ૧૨ |
| ૭ | ''નમાઝ'' | ૧૪ |
| ૮ | લકવાની બિમારીમાં શિફા | ૧૫ |
| ૯ | ઈમામે વકત દિલની વાતોને જાણે છે. | ૧૬ |
| ૧૦ | ઈ.ઝમાના અ.સ.ની દુઆથી પતિ પત્ની વચ્ચે સમાધાન થયું. | ૧૯ |
| ૧૧ | એક તાલીબે ઈલ્મની ઈમામ (અ.સ.)થી મુલાકાત | ૨૧ |
| ૧૨ | ઈમામ હુસૈન (અ.સ.)ના રોઝાનાં ખાદીમને મુલાકાત | ૨૨ |
| ૧૩ | રસુલ (સ.અ.વ)અને મુસલમાનોના બે સમૂહ | ૨૩ |
| ૧૪ | મેહનતનું ફળ | ૨૪ |
| ૧૫ | દુઆની ઈચ્છા | ૨૬ |
| ૧૬ | પોતાનું કામ પોતે કરો. | ૨૭ |
| ૧૭ | હજની મુસાફરીનો સાથી | ૨૮ |
| ૧૮ | અલ્લાહ (ત) કોને દોસ્ત નથી રાખતો? | ૨૯ |
| ૧૯ | ઈ.સજજાદ (અ.સ.)ની નમ્રતા. | ૨૯ |
| ૨૦ | અખ્લાકે રસુલે અકરમ (સ.અ.વ) | ૩૧ |
| ૨૧ | ગુસ્સો નહીં કરતો! | ૩૩ |
| ૨૨ | તે ઈસાઈ મુસલમાન થઈ ગયો. | ૩૪ |
| ૨૩ | ફઝીલનો બેઈમાન વિધાર્થી | ૩૫ |
| ૨૪ | નમાઝે શબ | ૩૬ |
| ૨૫ | દુઆએ સનમય કુરયશ | ૩૭ |


હદીયો રૂા.૬

## પ્રકરણ – ૧

## ઈ.મહદી (અ.સ.) થી મુલાકાત

## મારા ઝરીએ મારી એહલ અને શીઆ પરથી મુસીબતો દૂર થશે.

ઈબ્રાહીમ બીન મોહમ્મદ અલવીથી રિવાયત છે કે મને તરીફ અબુ નસ્રે બયાન ફરમાવ્યું કે હું ઈ.ઝમાના (અ.સ.) ની ખિદમતમાં હાઝીર થયો. આપે મને લાલ ચંદન આપ્યું, અને ફરમાવ્યું કે શું તમે મને ઓળખો છો? મે કહ્યું, 'હા' આપે ફરમાવ્યું ''હું કોણ છું ?'' મે જવાબ આપ્યો,

''આપ મારા સરદાર અને સરદારનાં ફરઝંદ છો''

આપે કહ્યું ''આ મારા પ્રશ્નનો જવાબ નથી'' મે કહ્યું '' હુ આપના પર કુરબાન, આપ જ બતાવો'' આપે ફરમાવ્યું ''હું ખાતેમુલ અવસીયા છું, **મારા ઝરીએ મારી એહલ અને મારા શીઆ પરથી મુસીબતો દૂર થશે.''**

(કમાલુદ્દીન વ તમામુન નેઅમા પેજ.૪૨૬)

## પ્રકરણ – ૨

## વેપારમાં ઈન્સાફના કારણે ઈ.મહદી (અ.સ.)ની મુલાકાત

એક માણસને હ.ઈ ઝમાના અ.સ.ની મુલાકાત અને ઝિયારતની મોટી તમન્ના હતી. દરેક સમયે તેના મનમાં ફકત આ એક જ તમન્ના રહેતી હતી. મુલાકાતથી વંચિત રહેવાનાં કારણે તે ખૂબ જ ગમગીન રહેતો.

તે ઈન્સાને મુલાકાત માટે ખૂબ જ દુઆ કરી, ખૂબ જ ઇબાદત કરી, જે અમલ થઇ શકતો હતો. તે અંજામ આપ્યો,નજફે અશરફનાં આલીમોમાં આ વાત મશહુર છે, કે અગર કોઇ શખ્સ હઝરત ઇમામે ઝમાના અ.સ.ની મુલાકાત કરવા ચાહતો હોય તો તેને જોઇએ કે તે ૪૦ શબે બુધ મગરીબ ઇશાની નમાઝ મસ્જીદે સહલામાં અદા કરે. ઇન્શાઅલ્લાહ ઇમામ અલયહિસ્સલામની ઝિયારત નસીબ થશે.

આ વ્યકિતએ પણ તેના ઉપર અમલ કર્યો કે જેથી તેની તમન્ના પુરી



હરામથી પોતાનું પેટ ભર્યું અને ખુમ્સને (પોતાની માટે) હલાલ કર્યું અને બાતીલની બુન્યાદ કાયમ કરી અને ઝુલ્મ (જોર)ને રાએજ કર્યા અને દિલમાં નિફાક છુપાવી રાખ્યો અને મકરને કલ્બમાં છુપાવી રાખ્યો અને ઝુલ્મો સિતમની ઇશાઅત કરી અને વાયદાની ખિલાફ અમલ કર્યો અને અમાનતમાં ખ્યાનત કરી અને પોતાના વાયદાને તોડયો અને (ખુદાને રસુલ સ.અ.વ.)ના હલાલને હરામ કર્યું અને માસુમાના પેટ પર (દરવાઝો પછાડી)ને (મોહસીન માસુમ)ના હમલને સાકીત કર્યો ને (માસુમાએ આલમ) ના પહેલુને ઝખ્મી કર્યું અને કબાલો (કરાર જે ફીદક પર લખવામાં આવેલ) ફાડી નાખવામાં આવ્યો અને જમીઅતને બુરૂ (ગંદુ) કહ્યું અને મોઅઝઝીનની આબરૂ લીધી અને ઝલીલને અઝીઝ કર્યા અને (હકદાર)ને હકથી મહેરૂમ કર્યા અને જુઠને ફરેબની સાથે અમલમાં લાવ્યા અને (ખુદા-રસુલ સ.અ.વ.)ના હુકમને બદલી નાખ્યો અને ઇમામની મુખાલેફત (વિરૂધ્ધતા) કરી, પરવરદિગાર! જે જે આયતોની ઐયની હૈસીયતને તેઓએ બદલી છે એમના અદ્દની ગણતરી મુતાબીક તેઓ પર નફરીન ફરમાવ અને જેટલા ફરાએઝ છોડયા છે, જેટલી સુન્નતોને તબ્દીલ કરી છે, જેજે અહેકામ મોઅત્તલ કર્યા છે, જે જે રસમોને મીટાવી છે, જે જે વસીયતોને કંઇથી કંઇ કરી નાખી અને એ ઓમુર જે એમના હાથે ઝાએ થયા, એ બયઅત જેના કુરચા ઉડાવ્યા, એ ગવાહીઓ (સાક્ષીઓ) જે છુપાવી, નીઝ એ દાઅવા જેને ઇન્સાફથી મહેરૂમ રાખવામાં આવ્યા, એ સાબીતીઓ જેને કબુલ કરવાનો ઇન્કાર કરવામાં આવ્યો અને પ્રપંચોને બહાના બનાવ્યા,એ ખ્યાનત જે વર્તતવામાં આવી અને પછી પેલી પહાડી જેના પર એ જાન બચાવવા ચઢી ગયા, એ નકકી થએલ રસ્તો જે તેઓએ બદલ્યો નીઝ તે ખોટા રસ્તા જે તેઓએ અપનાવ્યા એ બધાની બરાબર એમની ઉપર લાનત મોકલ. બારે ઇલાહા! છુપા તરીકા પર ઝાહેર બઝાહેર અને અલલએલાન તરીકાથી એઓ પર નફરીન કર, બેશુમાર લાનત, અબ્દી લાનત લગાતાર,લાનત! અને હમેંશા બાકી રહેવાવાળી જેની સંખ્યામાં કયારે પણ કમી ન થાય અને એમના પર એની મુદ્દત કદી ખત્મ (પૂર્ણ) ન થાય એવી લાનત જે પ્રથમથી શરૂ થાય અને છેલ્લે સુધી છુટયા વગર (એકધારી) અને એમના મદદગારો પર અને નુસરત કરવાવાળા પર અને દોસ્તોં પર અને

બાતીલ માઅબુદો અને બન્ને શયતાનોં અને બન્ને શરીકો અને એ બન્નેના પુત્રોપર લા'નત કર જેઓએ તારા હુકમની વિરૂધ્ધતા કરી. તારી વહી (આદેશ)ને પીઠ દેખાડી, તારા ઇનામ (ભેટ)ના મુન્કીર થયા, તારા રસુલ (સ.અ.વ.)ની વાત ન માની, તારા દીનને પલ્ટાવી રાખી દીધો, તારી કિતાબના તકાઝાઓને પૂરો થવા ન દીધા, તારા દુશ્મનોથી દોસ્તી કરી,તારી નેઅમતોને ઠુકરાવી, અને તારા અહેકામને માન્ય ન કર્યો અને તારા ફરાએઝને બાતીલ કર્યા,અને તારી આયતોમા ફેરફાર કર્યો અને તારા દોસ્તોથી અદાવત કરી અને તારા દુશ્મનોથી મોહબ્બત કરી અને તારા શહેરોને ખરાબ કર્યા અને તારા બંદાઓમાં ફસાદ ફેલાવ્યો. ખુદાવંદા તું આ બન્ને અને એમનો સાથ દેવાવાળાઓ અને એમના દોસ્તોં અને એના પયરવોં અને એના મદદગારો પર લા'નત કર, કેમકે એમણે ખાને નબુવતને તબાહ કર્યું અને એનો દરવાઝો બંધ કર્યો અને એની છતને તોડી નાખી અને એના આસમાનને એની ઝમીનથી અને એની બલંદી ઉંચાઇને એની પસ્તીથી અને એના જાહેરને એના બાતીનથી મેળવી દીધું અને એ (ઘર)નાં રહેવાસીઓને ખત્મ કર્યા,અને એના મદદગારોને હલાક કર્યા અને એના બચ્ચાઓને કત્લ કર્યા, અને એના મિમ્બરને એના વસી અને એના ઇલ્મ (જ્ઞાન)ના વારીસથી ખાલી કર્યું અને એમની ઇમામતનો ઇન્કાર કર્યો અને એ બન્નેને પોતાના પરવરદિગારના શરીક બનાવ્યા. તેથી તું એમના અઝાબને સખ્ત કર અને એ બન્નેને હમેંશા દોઝખમાં રાખ અને તુ ખુબ જાણે છે કે દોઝખ શું છે? એ કોઇને બાકી નથી રાખતી અને ન છોડે છે, ખુદાવંદા તુ એના પર લા'નત કર, દરેક બુરી વાતની એવઝ (બદલા)માં જે એનાથી થઇ હોય, યાને એમણે હકકને છુપાવ્યું અને મિમ્બર પર ચઢયા અને મોમીનને તકલીફ આપી, અને મુનાફીકથી દોસ્તી કરી અને (ખુદાના) દોસ્તને ઇજા આપી અને રસુલ (સ.અ.વ.)મેં જેમને ધુતકારેલા તેને પાછા લાવ્યા અને ખુદાના સાચા અને મુખ્લીસ બંદાઓને હદ પાર કર્યા અને કાફીરની મદદ કરી અને ઇમામની બેહુરમતી કરી અને વાજીબમાં તગય્યુર કર્યું અને આસારના મુન્કીર થયા અને શરને ઇખત્યાર કર્યું અને (માસુમ) નું રકત વહાવ્યું અને ખેરને તબ્દીલ કર્યું અને કુફ્રને કાયમ કર્યું અને જુઠ (અને બાતીલ) પર અડયા રહ્યા અને મીરાસ પર(નાહક) કાબીઝ (કબ્જે) થયા અને ખિરાજને મુન્કત્અ  કર્યો અને



થાય.ત્યાર પછી તેણે બીજા ઇલ્મો, ઇલ્મે અઅદાદ વગેરેનો સહારો લીધો. તેમાં કાબેલીયત મેળવી દરેક પ્રકારની કોશીષ કરી. પરંતુ તમન્ના પૂરી ન થઇ.તેણે ચાલીસ ચાલીસ દિવસનાં કેટલાય અમલ કર્યા, તો પણ તેની ઝિયારતે ઇમામ અ.ની હાજત પુરી ન થઇ.તેમાં એવા અમલ પણ કર્યા જેમાં આખી રાત જાગવુ પડતું. આ અમલો (કાર્યો ઇબાદત) એ તેની રૂહને પાક કરી દીધી, અને તેને ખાસ નુરાનીય્યત પ્રાપ્ત થઇ.

એક વખત કોઇએ તેને કહયું, અગર તમે ઇમામે ઝમાના અલયહિસ્સલામની ઝિયારતની ખુશનસીબી હાંસિલ કરવા ઇચ્છતા હો અને તેમની મુલાકાત કરવા ચાહતા હો તો ફલાણા શહેરમાં ચાલ્યા જાવ. તે શહેર જો કે ઘણુ દૂર હતું, અને મુસાફરી પણ સરળ ન હતી. પરંતુ ઇમામથી મુલાકાતની તમન્ના તેને ત્યાં લઇ આવી.

તે શહેરમાં આવીને તેને ૩૭ અથવા ૩૮ દિવસ થઇ ગયા હતા, પરંતુ તેની હાજત પુરી થઇ ન હતી. એક વખત તેને એક સંદેશો મળ્યો.અગર તમે ઇમામે ઝમાના અલયહીસ્સલામથી મુલાકાત કરવા ચાહતા હો, તો આ સમયે ઇમામે ઝમાના અ.સ. બઝારમાં વૃધ્ધ તાળા વેચનારની દુકાને તશરીફ લાવ્યા છે. હમણા જ તુરંતજ જાવ, તમારી હાજત પુરી થશે અને વર્ષોની તમન્ના પુરી થશે.

આ માણસ તુરંતજ ઉભો થયો, અને બતાવેલા રસ્તા પર ચાલવા લાગ્યો. વૃધ્ધ તાળા વેચનારની દુકાને પહોંચ્યો. જોયું કે ઇમામે ઝમાના અલયહીસ્સલામ ત્યાં મૌજુદ છે, અને વૃધ્ધ શખ્સ સાથે ખૂબ જ મોહબ્બતથી વાતો કરી રહયા છે .તેણે ઇમામે અસ્ર અલયહિસ્સલામની ખિદમતમાં સલામ કરી. ઇમામ અલયહિસ્સલામે જવાબ આપ્યો અને ચૂપ રહેવા ઇશારો કર્યો.

તે સમયે દુકાને એક વૃધ્ધ ઔરત આવી હતી. જે ખૂબજ કમઝોર હતી, તેની કમર ઝુકી ગઇ હતી. હાથમાં લાકડી હતી. હાથ ધ્રુજી રહયા હતાં પગ કાંપતા હતા. આ હાલતમાં તેણે એક તાળુ વૃધ્ધ દુકાનદારને આપ્યું અને કહયું, ''શું તમે આ તાળાને ત્રણ રૂપિયામાં ખરીદશો, કારણકે આ સમયે મને ત્રણ રૂપિયાની ખુબજ જરૂરત છે.''તે વૃધ્ધ દુકાનદારે તાળુ હાથમાં

લીધું જોયું તો તાળામાં કોઇ ખરાબી ન હતી. તાળુ બિલ્કુલ સારૂ હતું. તેણે કહયું ''અય બહેન! આ તાળાની કિંમત દસ રૂપિયા છે અગર તમે તેની ચાવીનાં બે રૂપિયા આપશો,તો તાળાની કિંમત દસ રૂપિયા આવશે.''તે વૃધ્ધ સ્ત્રીએ કહયું ''મને આ તાળાની જરૂરત નથી મને તો આ સમયે ફકત ત્રણ રૂપિયાની જરૂરત છે. તમે ત્રણ રૂપીયા આપી દયો અને તાળુ લઇ લો''.

તે વૃધ્ધ દુકાનદારે કહયું, ''બહેન! હું પણ મુસલમાન છું અને તમે પણ મુસલમાન છો. હું એક મુસલમાનનો માલ સસ્તામાં શા માટે ખરીદું? અને કોઇના હકને શા માટે બરબાદ કરૂ? અત્યારે આ તાળાની કિંમત ૮ રૂપિયા છે. અગર નફો મેળવવા ચાહું તો હું આ તાળાને ૭ રૂપિયામાં ખરીદીશ, કારણકે આનાથી વધારે નફો મેળવવો ઈન્સાફની વિરૂધ્ધ છે. અગર તમે આ તાળુ વેચવા ચાહો તો હું ૭ રૂપિયામાં ખરીદીશ, અને એક રૂપિયો નફો લઇ ૮ રૂપિયામાં વેચીશ.હું ફરીવાર કહું છું,આ તાળાની કિંમત ૮ રૂપિયા છે અને ૭ રૂપિયામાં ખરીદીશ અને ૧ રૂપિયો નફો મેળવીને ૮ રૂપિયામાં વેચીશ.''આ વૃધ્ધ સ્ત્રીને દુકાનદારની વાત પર યકીન આવતું ન હતું. તે નાખુશ થઇને બોલી ''હું કેટલી વારથી આ બઝારમાં ફરૂ છું. એક એક દુકાનદારને વિનંતી કરી,પરંતુ એક પણ વેપારી ત્રણ રૂપિયામાં તાળુ ખરીદવા તૈયાર ન હતો. મારે અત્યારે ત્રણ રૂપિયાની જરૂરત છે, અને બજારમાં ત્રણ રૂપિયામાં તાળુ ખરીદવા કોઇ તૈયાર નથી.''તે વૃધ્ધ દુકાનદારે ૭ રૂપિયા તે વૃધ્ધ સ્ત્રીને આપ્યા અને તાળુ ખરીદી લીધું.

આ સમયે ઇમામ અ.સ. તે ઇન્સાન ને કહે છે.**''અય મારા દોસ્ત, તે આ પ્રસંગને જોયો. અગર તમે લોકો આ રીતે રહો, આ રીતે ઇન્સાફ થી વર્તો તો હું ખુદ તમારી પાસે આવીશ,તમારે આટલી મુશ્કેલી અને મહેનત કરવાની જરૂર નથી.**

**''તમે અમલ (નેક કાર્યો) કરો.મુસલમાન બનો કે જેથી અમે તમારી મદદ કરીએ,** મે આ શહેરમાં આ વૃધ્ધ શખ્સને પસંદ કરી લીધો છે. કારણકે આ માણસ મઝહબી (દીનદાર) છે. ખુદાને ઓળખે છે તે તેમનું ઇમ્તેહાન જોયું, આ વૃધ્ધ સ્ત્રી બધી દુકાને ગઇ તેને જરૂરતમંદ જોઇને દરેક તેના માલને ઓછી કિંમતમાં ખરીદવા ચાહતા હતા. કોઇ તેના (તાળાના) ૩



મીઝાનને ભારી કરશે. પુલે સેરાત ઉપરથી પસાર થવામાં આસાની થશે. બેહિશ્તની ચાવી છે.

(૨) નમાઝે શબ પડવાનો વખત

અર્ધી રાતથી લઇ તુલુએ સુબ્હ સાદિક સુધી છે. (સુબ્હની નમાઝના વખતથી નજદીક સુધી પડી શકાય છે.) જેમ સુબ્હની નમાઝના વખતની નજદીક પડે તેમ અફઝલ છે.

(૩) નમાઝે શબ પડવાની સહેલી મુખ્તસર રીત આ મુજબ છે. નમાઝે શબ કુલ ૧૧ (અગીયાર) રકાત છે (જે નીચે મુજબ બતાવેલ છે.)

૧. (આઠ) ૮ રકાત નમાઝ બબ્બે રકાત કરીને નમાઝે શબની નિય્યતથી પડે.

૨. બે રકાત નમાઝે શફાઅની નિય્યત કરી પડે. (જેમાં કુનુત પડવાનુંનથી)

૩. નમાઝે વિત્ર એક રકાત નીચે મુજબ પડે.

એક વખત અલહમ્દનો સુરો પડે.

ત્રણ વખત કુલ્હો વલ્લાહો અહદ નો સુરો પડે.

ત્રણ વખત કુલ અઉઝો બે રબ્બીલ ફલકનો સુરો પડે એક વખત સુ.નાસ પઢે પછી કુનુતમાં ઇસ્તીગ્ફાર કરે, દુઆ પઢે.

## પ્રકરણ - ૨૫

## દુઆએ સનમય કુરયશ

હ.અમીરૂલ મોઅમેનીન (અ.સ.) નમાઝે શબ પછી દુઆએ સનમય કુરયશ દરરોજ પડતા. આ દુઆ પડવાનો અજીમ સવાબ છે. ગુનાહો માફ થાય છે. વધુ વિગત માટે જુઓ કીતાબ સહીફએ માઅસુમીન પેજ.નં. ૧૫૫

## દુઆએ સનમય કુરયશ નો તરજુમો

બિસ્મિલ્લા હિર રહમાનિર રહીમ.

શરૂ કરૂં છું અલ્લાહના નામથી (કે જે) દયાળુ (અને) દયા કરનાર છે.

અય ખુદાવન્દે આલમ તું મોહમ્મદ (સ.અ.વ.) અને આલે મોહમ્મદ (અ.) પર રહેમત નાઝીલ ફરમાવ. ખુદાવંદા તું કુરયશના બન્ને (ઝાલીમ)

શહાદતૈન (લાએલાહ ઈલ્લલાહ) પડાવવા ચાહયુ પણ તેણે તેની ઝબાન પર કલમો પણ ન પડયો અને આ જ હાલતમાં તે મૃત્યુ પામ્યો.

ફઝીલ આ બનાવ પછી ખુબ જ ગમગીનને દુઃખી થયા અને તેઓ એકલવાયુ જીવન પસાર કરવા લાગ્યા. કોઈની સાથે મુલાકાત (વાત ચીત) પણ કરતા ન હતા. અને ઘરની બહાર નીકળતા નહીં. પછી એક વખત તે વિદ્યાર્થીની ખરાબ(અઝાબમાં ગિરફતાર) રૂહ તેમના સ્વપનમાં આવી.

ફઝીલે તેને આખેરતના અઝાબ વિશે પૂછયું. તેણે કહયું કે મારામાં ત્રણ વસ્તુ એવી હતી કે જેને કારણે હું દુનિયામાંથી બેઈમાન (કાફીર)ની હાલતમાં મૃત્યુ પામ્યો (૧) હસદ (ઈર્ષા, અદેખાઇ)ને કારણે હુ કોઇને મારાથી સારી હાલતમાં જોઇ શકતો ન હતો. (૨) ચાડી અને ચુગલખોરી જેને કારણે હુ બે વ્યકિતઓ વચ્ચે જુદાઇ કરાવી દેતો અને(૩)શરાબખોરી (સચ્ચે વાકેઆત પેજ.૫)

## પ્રકરણ – ૨૪

## નમાઝે શબ

(૧) નમાઝે શબ પડવાના ફાયદા

પયગમ્બરે ઈસ્લામ (સ.અ.વ.) હઝરત અલી (અ.સ.)ને વસીયત તરીકે ત્રણ વખત ફરમાવ્યું કે 'અલયક બિસ્સલાતુલ્લય્લ' નમાઝે શબ અદા કરો.

હઝરત ફરમાવ્યું કે નમાઝે શબ પડવાથી નીચેના લાભ મળશે.

ખુદા રાઝી થાય છે. મલાએકા દોસ્ત રાખે છે. અંબિયાની સુન્નત છે. માઅરેફતનું નુર છે. ઈમાનનું મુળ છે. શરીરનું સુખ છે. શયતાન તેનાથી દુર રહે છે. દુશ્મનો તેના ઉપર હુમલો નથી કરી શકતા. દોઆ અને આમાલ કબુલ થાય છે. રોઝીમાં બરકત થાય છે. મલેકુલ મૌત પાસે શફાઅત કરે છે. કબ્રમાં રોશની થાય છે. કબ્રમાં બીસ્તર બને છે. મુન્કર અને નકીરને જવાબ આપવામાં મદદ કરે છે. કબ્રમાં સાથી બને છે. કયામતના દિવસે છાંયો કરશે. તાજ બનશે. પોષાક બનશે. રોશની બનશે. જહન્નમ વચ્ચે આડો પર્દો બનશે. ખુદા પાસે માફી મેળવવાનું કારણ બનશે. નેક કાર્યોના



રૂપિયા દેવા પણ તૈયાર ન હતું, પરંતુ આ વૃધ્ધ દુકાનદારે તે તાળાને ૭ રૂપિયામાં ખરીદયું.આજ કારણ છે કે હું તેની મુલાકાતે તેના ખબર અંતર પૂછવા દર અઠવાડીયે આવુ છું.''

(કીમીયા એ મોહબ્બત, પેજ-૪૧ થી ૪૩)

તારણોઃ આ વાકેઆમાંથી આપણને સબક મળે છે કે

(૧) અગર આપણી ઝીંદગીમાં, આપણા ધંધામાં, આપણા વેપારમાં ઈમાનદારીથી કામ લઈએ,તો ઈમામે ઝમાના અલયહિસ્સલામની ઈનાય તો આપણી સાથે હશે.

(૨) અને દરેક કામ ખુદાની ખુશ્નુદી માટે કરીએ.

(૩) કોઈની મજબુરીનો ખોટો ફાયદો ન ઉપાડીએ.

(૪) વસ્તુને તેની યોગ્ય કિંમતમાં ખરીદીએ.

(૫) એક મુનાસીબ માપથી વધારે નફો હાંસિલ ન કરીએ.

## પ્રકરણ – ૩

## ઈમામે ઝમાના અલયહિસ્સલામ માટે દુઆ કરવાના ફાયદા.

હઝરત આયતુલ્લાહ સૈયદ મોહમ્મદતકી મુસવી ઈસ્ફહાની અલય્હીર રહેમા એ પોતાની કિતાબ ''મીકયાલુલ મકારીમ''માં ઈ.ઝમાના અ.સ. માટે દુઆ કરવાના ૯૦ ફાયદા લખ્યા છે. ૧૪ મઅસુમીનની મુબારક સંખ્યા ૧૪ પ્રમાણે ૧૪ ફાયદા અહીં લખીએ છીએ.

**ઈમામે ઝમાના અલયહિસ્સલામ માટે દુઆ કરવાથી**

૧. નેઅમતોમાં વધારો થાય છે.
૨. આખરી ઝમાનાનાં ફિત્નાથી નજાત મળે છે.
૩. ઈમામે ઝમાના અલયહિસ્સલામ તેના માટે દુઆ કરે છે.
૪. કયામતમાં પૈગમ્બરે અકરમ (સ.અ.વ) અને અહેલેબૈત(અ.મુ.સ) ની શફાઆત નસીબ થશે.
૫. આપણી દુઆઓ કબુલ થાય છે.
૬. અ્રજે રીસાલત અદા થાય છે.૭. આયુષ્યમાં વધારો થાય છે.

૮. કબ્ર અને કયામતની મુશ્કેલીઓથી નજાત મળે છે.
૯. ફરીશ્તાઓ તેના હકમાં દુઆ કરે છે.
૧૦.ફરીશ્તાઓ તેના માટે ઈસ્તીગ્ફાર કરે છે.
૧૧.કયામતમાં જ.ઝહરા સ.અ. ની શફાઅત નસીબ થશે.
૧૨.કયામતનાં દિવસે તેની ખિદમતમાં બેહતરીન તોહફાઓ પેશ કરવામાં આવશે.
૧૩.શહીદનો સવાબ મળશે.
૧૪.તેની બુરાઇઓને નેકીઓમાં ફેરવી દેવામાં આવશે.
(મીકયાલુલ મકારીમ ભાગ-૧)

યા અલ્લાહ! તને પંજેતને પાકનો વાસ્તો ચુસુફે ઝહેરા ઈ.ઝમાના ઈ.મહદીઅ.નાં ઝુહુરમાં જલ્દી કર....અને તેમના ગુલામોના ગુલામોમાં અમારો શુમાર કર (ઈ.આમીન)

## પ્રકરણ – ૪

## ખુમ્સની અહેમીય્યત

હસન મુશતરીક કહે છે કે એક દિવસ અબ્દુલ્લા બિન અહેમદ નાસીરૂદ્દોલાની બેઠકમાં બેઠો હતો. આ બેઠકમાં ઈ.ઝમાના અ.ની ગયબતનો ઝિક્ર થઇ રહયો હતો. મે આ અકીદાની મઝાક ઉડાવી.આ સમયે મારા કાકા હુસૈન આ બેઠકમાં દાખલ થયા, અને તેમણે મને સંબોધીને કહયું,''અય બેટા! મારો અકીદો પણ તારા અકીદા જેવો જ હતો પણ...

એક વખતની વાત છે, કે મને કુમની હુકુમત મળી, કારણકે કુમવાસીયો બગાવત પર ઉતરી પડયા હતા અને જે પણ હાકીમ ત્યાં જતો તો કુમના લોકો તેને કત્લ કરી દેતા, અને સુલતાનનાં હુકમથી મારે ત્યાં જવાનું થયું. હું એક લશ્કર લઇને કુમ તરફ રવાના થયો અને અમારો પડાવ ઝરફ નામની જગ્યાએ હતો. ત્યારે હુ શિકાર કરવા નીકળ્યો, અને એક પ્રાણી પાછળ હુ શિકાર માટે પડયો અને હું જંગલમાં ઘણો જ દૂર નીકળી ગયો, અને એક નહેર પાસે પહોંચી ગયો, અને હું તેના કિનારે કિનારે ચાલતો રહયો અને જેમ આગળ જતો તેમ નહેરની પહોળાઇ વધતી જતી હતી.

આજ અરસામાં મેં એક ઘોડેસવારને જોયા જેઓ લાલ કલરનાં ઘોડા



તમે તમારા દાવાને સાબિત કરવા માટે કોઇ સાક્ષી રજુ કરો.

હ.અલી (અ.સ.) હસતા હસતા બોલ્યા ન્યાયધીશ સાહેબ બરાબર કહે છે. મારે સાક્ષી રજુ કરવા જોઇએ, પરંતુ સંજોગોવશાત મારી પાસે કોઇ સાક્ષી નથી.

સાક્ષી ન હોવાને કારણે ન્યાયધીશે તે ઈસાઇની તરફેણમાં ચુકાદો (ફૈંસલો) આપ્યો. ન્યાયધીશનો હુકમ સાંભળતાજ તે ઈસાઇએ ઢાલ પોતાના હાથમાં લીધી અને પોતાના ઘર તરફ ચાલતો થયો. પછી થોડે સુધી ચાલ્યા પછી તેની સ્થિતિ ખૂબજ વિચિત્ર થઇ કારણકે તે જાણતો હતો કે આ ઢાલ અલી (અ.સ.)ની છે અને તે પાછો ફર્યા અને કહેવા લાગ્યો.આ શાસન પદ્ધતિ અને લોકો સાથેનો વ્યવ્હાર સામાન્ય માનવીના વ્યવ્હાર જેવો લાગતો નથી આ શાસન પદ્ધતિ નબીઓની શાસન પદ્ધતિ જેવી છે.ત્યાર પછી તે વ્યક્તિએ સ્વીકારી લીધુ કે ખરેખર આ ઢાલ હ.અલી (અ.સ.)ની છે. થોડા દિવસ બાદ લોકોએ જોયુ કે તે ઈસાઇ મુસલમાન બની ગયો અને ખુબજ લાગણી સાથે તેણે હ.અલી (અ.સ.) ના અલમ નીચે નહરવાનના યુદ્ધમાં પણ ભાગ લીધો.

(અલ ઈમામ અલી સૌતલ અદાલતુલ ઈન્સાનીયા પેજ.૬૩)
(સચ્ચી કહાનીયા ભાગઃ-૧ પેજ.૩૯-૪૦)

## પ્રકરણ – ૨૩

## ફઝીલનો બેઈમાન વિદ્યાર્થી

મશહુર અને પ્રસિદ્ધ તાએબ ફઝીલ અયાઝનો એક વિદ્યાર્થી હતો. જે હોશીયાર બુધ્ધિશાળી હતો, તે એક વખત બિમાર થયો અને તે મૃત્યુની નજદીક હતો. ફઝીલ અને બીજા લોકો તેની ખબર અંતર પૂછવા માટે તેના ઘરે ગયા. ફઝીલે સુરે યાસીન પઢવાનું શરૂ કર્યુ તોએ બદબખ્તે ઉસ્તાદના હાથ પર હાથ મારીને કહયું, કે હુ નથી ચાહતો કે કુર્આન પઢો. આ એજ બદનસીબ છે કે હંમેશા મસ્જીદ મદ્રેસા અને ઈબાદતમાં હાજરી આપતો હતો અને એહલેકુર્આન હતો, પરંતુ અત્યારે તે કહી રહયો હતો કે હું નથી ચાહતો કે કુર્આન પડો. મૃત્યુના સમય નજદીક આવી રહયો હતો ફઝીલે કલમે

તે પોતાના કબીલાના લશ્કરમાંથી બહાર આવ્યા અને સામેના કબીલાના સરદારને બોલાવ્યો. જયારે તે કબીલાનો સરદાર નજદીક આવ્યો ત્યારે તેણે પૂછયું આખરે વાત શું છે કે આપણે એક બીજાના ખુનના તરસ્યા થઇ ગયા છીએ? અગર આ લડાઇનો હેતુ તે માલ પાછો મેળવવાનો છે, જે માલ અમારા કબીલાના યુવાનોએ મુર્ખાઇથી તમારા કબીલાના લોકો પાસે થી જબરજસ્તી છીનવી લીધો છે, તો આવો આ માલની કિંમત હુ મારા માલ માં થી આપી દઉ. આ એવી કોઇ મોટી વાત નથી જેના કારણે આપણે એક બીજાના ખુનના તરસ્યા થઇ જઇએ. જયારે બીજા કબીલાના લોકોએ તે માણસની બુધ્ધિ પુર્વકની વાત સાંભળી તો તેની નૈતિક હિંમત અને મર્દાનગી જાગી ગઇ અને તેઓ બોલ્યા અમે પણ તારાથી જરાય નીચા નથી.અગર આ જ વાત છે તો અમે અમારો દાવો પાછો ખેંચી લઇએ છીએ ત્યાર પછી બંને કબીલાના લોકો હસી ખુશી પોતાના ઘરે પાછા ફર્યા .

ઉસુલે કાફી ભાગ-૨ પે.૪૦૪

(સચ્ચી કહાનીયા ભાગ : ૧ પેજ.૩૭-૩૮)

## પ્રકરણ – ૨૨

## તે ઈસાઈ મુસલમાન થઈ ગયો.

હ.અલી (અ.સ.)ના શાસનકાળ દરમિયાન તેમની ઢાલ કુફામાં ખોવાય ગઇ. થોડા દિવસો પછી તે ઢાલ એક ઇસાઇની પાસે જોવા મળી. અલી અ.સ.એ તે ઇસાઇને લઇને ન્યાયધીશના દરબારમાં પહોંચ્યા અને તેની વિરૂધ્ધ ફરિયાદ દાખલ કરી કે  આ ઢાલ મારી સંપતિ છે. આ ઢાલને મે ન તો કોઇને વેચી છે. અને ન તો કોઇને ભેટમાં આપી છે. ઘણા લાબા સમય બાદ મારી આ ઢાલ આ વ્યકિત પાસે જોવા મળી છે. ન્યાયધીશે ઇસાઇને સંબોધીને કહયું ઢાલના સંબંધમાં બાદશાહે પોતાની ફરીયાદ દાખલ કરી છે. આ બાબત માં તારે શું કહેવુ છે? તેણે જવાબ આપ્યો, આ ઢાલ મારી વ્યકિતગત માલીકીની છે, સાથે હું તેમ પણ કહું છુ કે બાદશાહ પણ ખોટું બોલતા નથી (શકય છે કે તેમને (ઢાલ) ઓળખવામાં ભુલ થઇ હોય).

ન્યાયધીશે અલી (અ.સ.)ને સંબોધન કરતા કહયું, તમે દાવો કરનાર છો પરંતુ આ માણસ તેનો ઇન્કાર કરે છે, તેથી હવે આપની ફરજ બને છે કે



ઉપર સવાર હતા, અને માથા લીલો અમામો પહેર્યો હતો. ફકત તેમની આંખો જ દેખાતી હતી. તેમણે પગમાં લાલ કલરનાં મોજા પહેર્યા હતા.તે ઘોડેસવારે કહયું, ‘‘અય હુસૈન (તેણે મને અમીર ન કહયો, કે ન મને કુન્નીય્યતથી બોલાવ્યો પરંતુ નામ લઇને બોલાવ્યો. શા માટે તમે ભૂલ કરો છો? અને મારી ઇમામતને હલકી સમજો છો? અને તમારા માલમાંથી ખુમ્સ કાઢીને મારા અસહાબ અને નાએબ સુધી શા માટે નથી પહોંચાડતા? હુસૈન આગળ કહે છે, કે હું એક બાવકાર બહાદુર ઇન્સાન હતો અને કોઇના થી પણ ડરતો નહિ, પરંતુ તે ઘોડેસવારનાં શબ્દોથી ધ્રુજવા લાગ્યો અને ભયભીત થઇ ગયો અને મે કહયું ‘‘અય મારા સૈયદો સરદાર! તમે જે ફરમાવ્યું, તે મૂજબ અમલ કરીશ.’’

પછી તે ઘોડેસવારે (કે જેઓ ઇ.ઝમાના અ.સ. હતા) કહયું,તું જે જગ્યાએ (કુમ) જવાનો ઇરાદો રાખે છે,ત્યાં જઇને તુ આસાનીથી સંઘર્ષ વગર, કત્લે આમ વગર તું તે શહેર (કુમ)માં દાખલ થઇશ અને તું જે કમાણી કર તેમાંથી ખુમ્મ કાઢજે અને તેના હકદાર સુધી પહોંચાડજે. મેં કહયું ‘‘હા’’ હું તે પ્રમાણે જ કરીશ. પછી તેમણે કહયું જાવ અને પોતે ઘોડાની લગામ ખેંચીને ચાલ્યા ગયા. મારી નજરોથી ગાએબ થઇ ગયા.મને ખબર ન પડી કે તેઓ કઇ તરફ ગયા મે ડાબી જમણી બાજુ જોયું અને પાછો ચાલ્યો આવ્યો.અને પછી હું આ આખો બનાવ ભૂલી ગયો.

કુમ પહોંચવાની તૈયારી હતી, ત્યારે મારો ખ્યાલ હતો કે કુમ વાસીઓ સાથે યુધ્ધ કરવું પડશે પરંતુ મને નવાઇ લાગી કે જયારે મે જોયું કે કુમ વાસીઓ સામેથી અમને કુમની બહાર મળવા આવ્યાં,અને કહયું જે કોઇ હાકીમ અમારા મઝહબના અકીદાથી વિરૂધ્ધ મઝહબનો હાકીમ આવતો તો અમે તેને કત્લ કરી દેતા, પરંતુ તમે તો અમારામાંથી જ છો, અને અમારી તરફ આવ્યાં છો. તેથી તમારી અને અમારી વચ્ચે કોઇ પણ જાતનો વિરોધ નથી. માટે તમે ખુશીથી શહેરમાં દાખલ થાવ અને જે રીતે ચાહો તે રીતે શહેરની વ્યવસ્થા સંભાળો.

હું શહેરમાં દાખલ થયો અને શાસન વ્યવસ્થા સંભાળી લીધી. પછી હું એક લાંબો સમય કુમનાં અમીર તરીકે રહયો અને પુષ્કળ માલો દૌલતની

કમાણી કરી. આ બાજુ બાદશાહનાં માણસોએ મારા વિરૂધ્ધ બાદશાહની કાનભંભેરણી કરી અને બાદશાહે મને કુમનાં હાકીમનાં પદ પરથી દૂર કરી દીધો.હું પાછો બગદાદ ચાલ્યો આવ્યો અને સીધો બાદશાહને મળીને મારા ઘરે પાછો ફર્યો.

મારા ઘરમાં લોકો મને મળવા માટે આવવા લાગ્યા, અને મારો રૂમ મુલાકાતીઓથી ભરેલો હતો. એ જ અરસામાં જ.મોહમ્મદ બીન ઉસ્માન (અ.ર.) (જેઓ ગયબતે સુગરામા ઇ.ઝમાના અ.નાં બીજા નાએબ હતા.) આવ્યાં. બધા લોકોને દૂર કરીને મારી પાસે આવ્યા અને મારી જગ્યાની બાજુમાં મારી પીઠ ને ટેકો દઇને બેસી ગયા . જયારે બધા ચાલ્યા ગયા અને હું અને જ.મોહમ્મદ બીન ઉસ્માન બંને રૂમમાં એકલા રહયાં ત્યારે તેઓએ મારી તરફ જોઇને કહયું મારી અને તમારી વચ્ચે એક રાઝ છે. સાંભળી લ્યો. મે કહયું ''બયાન કરો''મોહમ્મદ બીન ઉસ્માને કહયું ''લાલ કલરનાં ઘોડાના સવારે કહેડાવ્યું છે કે અમે અમારો વાયદો પૂરો કર્યો છે. આ સાંભળતા, મને આખો બનાવ યાદ આવી ગયો, અને મારા શરીરમાંથી ધ્રુજારી પસાર થઇ ગઇ.

મે કહયું મે સાંભળી લીધુ,હું તમારી ઇતાઅત કરીશ અને હું તમારો દિલો જાનથી અહેસાનમંદ છું.પછીહું ઉભો થયો અને તેઓનો હાથ પકડયો અને અંદરનાં રૂમમાં લઇ ગયો. જયાં મે મારો ખજાનો (જે માલ કમાએલો હતો) રાખ્યો હતો, ત્યાં લઇ ગયો અને તેઓને મે પૂરા માલનું ખુમ્સ અદા કરી દીધુ આમાંથી અમૂક માલ હું ભૂલી ગયો હતો, તો જ.મોહમ્મદબીન ઉસ્માને મને તે પણ યાદ દેવડાવ્યું અને તેનું પણ ખુમ્સ અદા કરાવ્યું અને આ બનાવ પછી મે કયારેય પણ સાહેબુલ અમ્ર (ઇ.ઝમાના અ.) નાં બારામાં શક નથી કર્યો.

હસન મુશતરીક કહે છે કે જયાર થી મે આ બનાવ મારા કાકાના મોં થી સાંભળ્યો ત્યારથી મારોં ઇ.ઝમાના અ.નાં બારામાં અકીદો સહીહ થઇ ગયો અને મે દિલથી આપ અ.સ. ને કબુલ કરી લીધા.

(હકકુલ યકીન,ભાગ-૨ પેજઃ-૩૪૫,૩૪૬)



અટકાવી દીધા અને તમે જોયું કે જો તે વ્યકિતને પ્રેમ અને નરમાશથી મે બિલકુલ મુત્મઇન કરી દીધો.

કહલુલ બસર પેજઃ૭૦ (સચ્ચી કહાનીયા ભા.૧ પેજ.૩૨થી૩૪)

## પ્રકરણ - ૨૧

## ગુસ્સો નહીં કરતો!

એકવાર એક જંગલી અરબ મદીના આવ્યો અને રસુલ (સ.અ.વ) થી વિનંતી કરી કે તેઓ તેને ઉપદેશ (નસીહત) આપે. આપ (સ.અ.વ)એ તે વ્યકિતને સંબોધન કરતા કહયું ''**ગુસ્સો કરશો નહીં**'' આ વાકય સિવાય રસુલ (સ.અ.વ)એ બીજુ કશું ન કહયુ.

ત્યાર પછી આ માણસ પોતાના કબીલા (ગ્રુપ) તરફ પાછો ચાલ્યો ગયો. પોતે ઘરે પહોંચ્યો કે તુરંત જ તેને ખબર પડી કે તેને ગેરહાજરીમાં એક ઘટના બની ગઇ. તેની જાતિના (જમાતના) કેટલાક યુવાનોએ બીજા કબીલા(જમાત)નો કેટલોક માલ જબરજસ્તી કરીને લુટી લીધો. અંદરો અંદરની લુંટફાટનો મામલો ત્યાં સુધી પહોંચી ગયો હતો કે બંને કબીલાઓ વચ્ચે યુધ્ધની તૈયારી થઇ ચુકી હતી. આ સમાચાર સાંભળતા જ તે વ્યકિત ક્રોધ(ગુસ્સા)થી લાલચોળ થઇ ગયો. તુરંત જ પોતાના શસ્ત્રો તૈયાર કર્યા અને યુધ્ધના મેદાનમાં પોતાના કબીલાના માણસોને મદદ કરવા પહોંચી ગયો.

રસ્તામાં જ તેને વિચાર આવ્યો કે હમણાં જ હું મદીના ગયો હતો અને રસુલ (સ.અ.વ) થી ઉપદેશ (નસીહત) લીધો હતો કે ગુસ્સા પર કાબુ રાખવો. પછી તે વિચારવા લાગ્યો કે એવી કઇ વસ્તુ છે, જેણે મને શસ્ત્રમાં ઉઠાવવા માટે મજબુર કરી દીધો? અને એવું કયું કારણ છે, જેને કારણે હું લડવા માટે મરવા અને મારવા માટે લોહી વહાવવા માટે તૈયાર થઇ ગયો? આખરે હું આટલો બધો ગુસ્સે શા માટે થઇ રહયો છુ? પોતાના મનમાં આ પ્રશ્નો કર્યા બાદ તેણે વિચાર્યુ કે આ સૌથી વધુ યોગ્ય સમય છે કે જયાં મારે રસુલ (સ.અ.વ) ની નસીહત (ગુસ્સો ન કરો તેના) પર અમલ કરવો જોઇએ.

એ વાતનો ડર છે કે તે લોકો તને કાંઇ નુકશાન પહોચાડે નહીં. અગર જો શકય હોય તો તું તારી લાગણી અને સંતોષની ભાવના તે લોકો સામે જાહેર કરી દે, જેથી તેઓનો ગુસ્સો દૂર થઇ જાય અને તને કાંઇ નુકશાન ન પહોચાડે. આ વાત પર તે જંગલી અરબે કહયું કે મને આમાં કાંઇ તકલીફ નથી. બીજે દિવસે તે જંગલી અરબ મદીનાની મસ્જીદમાં આવ્યો, રોજની જેમ રસુલ (સ.અ.વ) તેમના સાથીદારો અને મિત્રો સાથે બેઠા હતા.

રસુલ (સ.અ.વ) એ પોતાના સાથીદારોને સંબોધન કરતા કહયું, ભાઇઓ આ માણસ મારાથી રાજી થઇ ગયો અને હવે તેને મારાથી કોઇ ફરીયાદ નથી પછી આપ (સ.અ.વ) એ તે અરબને સંબોધીને કહયું શું ભાઇ તુ મારાથી સંપૂર્ણ સંતુષ્ઠ (ખુશ) છે ને? તે માણસે નમ્રતા પૂર્વક તે વાકયો તે લોકો સામે કહયા જે રસુલ (સ.અ.વ)ને એકાંતમાં કહયા હતા. તેની વાત સાંભળીને રસુલ (સ.અ.વ)ના સાથી અને મિત્રો હસવા લાગ્યા.

તે સમયે રસુલ (સ.અ.વ) તે લોકોને સંબોધન કરતા કહયું, આ પ્રકારના લોકો અને મારૂ દ્રષ્ટાંત એવુ છે કે જે માણસનું ઉંટ કોઇ વાતમાં તેના માલિકથી રિસાયને જંગલ તરફ ભાગવા લાગ્યુ હોય. તેનો માલિક ઉંટની પાછળ દોડતો હોય અને આ જોઇને તે માલિકની સહાયતા માટે બીજા લોકો ભેગા થઇને ખુબ જોરજોરથી અવાજ કરવા માંડે અને એક ટોળુ તે રીસાયેલા ઉંટને પકડવા પાછળ દોડવા લાગ્યુ ટોળુ પાછળ દોડતા ઉંટે તે જોઇને ખુબ ઝડપથી ભાગવા લાગ્યુ. આ જોઇને ઉંટનો માલિક ગભરાઇ ગયો અને મોટા અવાજ બોલ્યો ભાઇઓ તમને વિનંતી છે, કે તમે મારા ઉંટ પાછળ ન દોડો. મારા ઉંટને કેમ મનાવવુ તે હું સારી રીતે જાણુ છું. તેની આ વાત સાંભળીને ઉંટ પાછળ દોડતુ લોકોનું ટોળુ અટકી ગયું ત્યાર પછી ઉંટનો માલિક પોતાના હાથમાં થોડો ચારો લઇને ધીમે ધીમે તેની પાસે પહોંચી ગયો અને ખુબજ સરળતાથી પોતાના હાથમાં ઉંટની લગામ લઇ લીધી અને ખિજાય ગયેલું ઉંટ તેના માલિક સાથે પાછુ આવી ગયુ.

અગર મે તમને કાલે રોકયા ન હોત તો કમનસીબ અરબને પોતાનો જીવ ગુમાવવો પડત અને તમે લોકો એને જીવતો ન છોડત અને તે કુફ્ર અને મુર્તિ પૂજકની હાલતમાં મૃત્યુ પામત. આ વાતને ધ્યાનમાં રાખીને મે તમને



## પ્રકરણ – ૫
## અલ્લાહના દોસ્ત,દોસ્તે ઈમામ અ.સ.
## 'હાલુ'

હું નમાઝ પઢવા માટે મસ્જીદ તરફ જઇ રહયો હતો. મસ્જીદ થોડા અંતરે જ હતી ત્યાં મે એક જનાઝાને જોયો. આ જનાઝામાં સમાજનાં થોડી સંખ્યામાં ગરીબ લોકો શામીલ હતાં. તે જોતા એમ લાગતુ હતું કે આ જનાઝો કોઇ ગરીબ માણસનો છે. પરંતુ મને ત્યારે નવાઇ લાગી કે જયારે મે જોયું કે જનાઝામાં શામીલ લોકોની વચમાં બજારનાં મશહુર, બાવકાર વેપારી જનાઝાની બિલકુલ નજદીક ચાલી રહયા હતા. આ વેપારી નુરાની ચહેરાવાળા અને પાકીઝા સિફતો ધરાવતા હતા, અને દરેક લોકો તેમને પસંદ કરતા હતા. આ મોઅમીન વેપારી એટલા ગમગીન હતા, કે જાણે તેમના કોઇ સગાનું મૃત્યુ થયું હોય. તેમની આંખમાંથી આંસુ વહી રહયા હતા.

મને ખુબ જ નવાઇ લાગી કે આખરે વાત શું છે ? જો આ મય્યત કોઇ નજદીકનાં વેપારીના સંબંધીનું હોય, તો એલાન શા માટે નહી કર્યું હોય ? અને મય્યત કોઇ ગરીબ માણસનું હોય તો તેમના જનાઝામાં આ વેપારીમાં ગમમાં શા માટે રડી રહયાં છે? હું આ વિચારી રહ્યો હતો.તે અરસામાં તેમની નજર મારા ઉપર પડી, અને મને નજદીક બોલાવ્યો, અને કહયું કે શું તમે એક અલ્લાહનાં દોસ્તનાં જનાઝામાં શરીક નહીં થાવ? તેમણે એવા દર્દનાક અંદાજમાં કહયું કે હું એકદમ જનાઝામાં શરીક થઇ ગયો. જનાઝામાં આખા રસ્તામાં તે વેપારી રડતા રહયાં,ત્યાં સુધી કે મય્યત ગુસ્લખાના સુધી પહોચ્યું.

હું ખૂબ થાકી ગયો, અને એક જગ્યાએ બેસી ગયો તે અરસામાં તે વેપારી મારી પાસે આવ્યાં અને બોલ્યાં, ''તમોએ ન પૂછયું કે આ મય્યત કોનું છે? '' મે તુરંત જ પૂછ્યું કે આ મય્યત કોનું છે? અને તમે મરહુમને કેટલા સમયથી ઓળખો છો? તે વેપારીએ જવાબ આપ્યો કે આ એક અજીબ નવાઇ ભરી ઘટના છે. અજીબ ખૂબજ અજીબ મારી અને તેમની ઓળખાણ આ ઘટના સાથે સંબંધિત છે .હું જયારે આ બનાવને યાદ કરૂ છું તો મારી

રૂહમાં તાજગી પૈદા થઇ જાય છે. અને મારૂ યકીન મજબૂત થઇ જાય છે.

વેપારી કહે છે, હું આ વર્ષે હજ અદા કરવા ગયો હતો. મારી અને આ બુઝુર્ગ શખ્સની ઓળખાણ પણ તે સફરમાં જ થઇ. મકકા સુધી તો હું તેમને એક મામુલી ચોકીદાર, હેસીયત વગરનો સામાન્ય ગરીબ માણસ સમજતો હતો.બન્યું એમ કે અમારો કાફલો ઇસ્ફેહાનથી હજની નિય્યતથી મકકા તરફ રવાના થયો. અહીં સુધી કે અમે ઇરાક પહોંચ્યા ત્યાંથી કરબલા તરફ ઇ.હુસૈન અ.સ. ની ઝિયારત કરવાનાં ઇરાદાથી આગળ વધ્યાં અમે કરબલાથી દૂર હતા. એક જગ્યાએ અમે અમારો પડાવ નાખ્યો.

બન્યુ એવુ કે આ જગ્યાએથી મારો તમામ માલ સામાન અને પૈસાની ચોરી થઇ ગઇ.મારી પાસે મારી જરૂરત પૂરી કરવા માટે કાંઇ ન રહયું.એટલે સુધી કે મારા શરીર પર કપડા સિવાય કશું ન રહયું.ચારે બાજુ તપાસ કરી પણ કાંઇ પરિણામ ન આવ્યું. જેમતેમ મુશ્કેલીથી હું કરબલા પહોંચ્યો, અને કરબલામાં તો કોઇ મારૂ સંબંધી કે ઓળખીતુ પણ ન હતુ કે જેથી હું તેમની પાસેથી કર્ઝ લઇ શકું.

હું બિલકુલ નિરાશ થઇ ગયો કે હવે હું હજ કરવા નહીં જઇ શકુ, અને હજ મારા નસીબમાં નથી.અને આ જ હાલતમાં હું નજફ તરફ રવાના થયો.ત્યાંથી સીધો કુફાના રસ્તે ચાલવા લાગ્યો. હું થાકીને હારીને, નિરાશ ઉદાસીન સ્થિતિમાં એક જગ્યાએ બેસી ગયો. ચારે તરફ અંધારૂ હતું ન કોઇ દોસ્ત હતો ન મદદગાર.

મેં આજુ બાજુ જોયું ત્યાં અચાનક મારી સામે પ્રકાશ (નુર) દેખાયુ જાણે કે નુરનો વરસાદ વરસી રહયો હતો. એક અરબ કે જેમની પેશાની પહોળી હતી, અને ચહેરો એટલો બધો નુરાની હતો કે પૂનમનો ચાંદ પણ શરમાય જાય. તેઓ મારી સામે ઉભા હતા. (તેઓ ઈ.ઝમાના ઇ.મહદી અ.સ. હતા).

તેઓ મારા નઝદીક આવ્યાં અને કહયું,''અય વેપારી તુ શા માટે પરેશાન છો શું થયું?''મેં કહયું, હુ મુસાફર છું અને ખુબ જ થાકી ગયો છું તેઓ ફરી પૂછયું ''તારી પરેશાનીનું બીજુ કારણ હોય તો બતાવ.'' મેં મારા પર જે વિત્યું તે બયાન કર્યું અને મારો માલ સામાન ચોરાઇ ગયો છે, તેની ફરિયાદ



હું મારૂ કામ જાતે પણ કરી શકું. લોકોને હું મારી ઓળખાણ પણ નથી આપતો જેથી મને આ પ્રકારના મિત્રોની સેવા કરવાનું સદ્‌ભાગ્ય પ્રાપ્ત થાય.

(૧) બેહારૂલ અન્વાર ભાગ-૧૧.

(સચ્ચી કહાનીયા ભાગ-૧ પેજ ૨૬,૨૭)

## પ્રકરણ - ૨૦

## અખ્લાકે રસુલે અકરમ (સ.અ.વ)

એક જંગલી અરબ મદીના શહેરમાં દાખલ થયો અને સીધો મસ્જીદે નબવીમાં પહોંચી ગયો ત્યાં જઇને રસુલ (સ.અ.વ) પાસે સોનુ, ચાંદી તથા બીજી દુન્યવી ચીજવસ્તુની માંગણી કરી શકે. તે સમયે રસુલ (સ.અ.વ) પોતાના સાથીદારો સાથે બેઠા-બેઠા વાતો કરી રહયા હતા. આ જંગલી અરબે રસુલ (સ.અ.વ) પાસે પોતાની હાજત રજુ કરી દીધી અને આપની પાસે સહાયતા માંગી. રસુલ (સ.અ.વ) તેને થોડું આપ્યું પરંતુ તેને સંતોષ ન થયો.

તે માણસ મોટી ઉમ્મીદો લઇને આવ્યો હતો, તેની સરખામણીમાં રસુલ (સ.અ.વ)એ આપેલુ દાન તેને ખુબ ઓછું લાગ્યુ. આ કારણે તેણે ખરાબ શબ્દોથી રસુલ (સ.અ.વ)નું અપમાન કરી નાખ્યું. આ જોઇને રસુલ (સ.અ.વ)ના સાથી અને મિત્રો ખુબ જ ગુસ્સે થઇ ગયા અને તે વ્યક્તિને સખત સજા કરવા માટે તેમનું ખુન ઉકળી ગયું પરંતુ રસુલ (સ.અ.વ) એ પોતાના સાથીદારોને અટકાવી દીધા.

ત્યાર પછી રસુલ (સ.અ.વ)તે જંગલી અરબને પોતાની સાથે પોતાના ઘરે લઇ ગયા અને જે શકય બન્યુ તેટલી વધુ સહાયતા કરી. જયારે તે જંગલી અરબે પોતાની આંખે જોયું કે રસુલ (સ.અ.વ)ની સ્થિતિ બીજા રાજાઓ અધિકારીઓ જેવી ન હતી, અને તેણે જે સોનું અને ચાંદીની માંગણી કરી હતી, તે રસુલ (સ.અ.વ) પાસે ન હતુ. તેથી હવે તેને સંતોષ થઇ ગયો કે તેમણે જે કાંઇ આપ્યું તે બરાબર છે.પછી તેણે આપ (સ.અ.વ)નો આભાર માનતા કહયું આપે મને જે કાંઇ આપ્યુ તેનાથી હુ સંપૂર્ણ સંતોષી છું. કાલે તે ખરાબ અને ગંદા શબ્દો મારા માટે બોલીને મારા સાથીદારો અને મિત્રોની લાગણીને દુઃખ પહોચાડયુ છે. તે લોકો તારાથી ખૂબજ નારાજ છે, અને મને

સાથે વાતચીતમાં મશ્ગુલ હતાં કે તેમની નજર એક માણસ પર પડી કે જે ખુબ જ ધગશથી આ કાફલાના માણસોની સેવામાં મશ્ગુલ હતા. તે માણસે પહેલી નજરે જ તે માણસને ઓળખી લીધા પછી તેમણે ખુબ જ નવાઇ સાથે પૂછયું.તમે લોકો આ માણસને ઓળખો છો? જે તમારી સેવામાં મશ્ગુલ છે? નહીં અમે લોકો આ માણસને બિલકુલ ઓળખતા નથી.

આ માણસ તો મદીનાથી અમારા ગ્રુપમાં જોડાયા હતા. મુસાફરીના થોડા દિવસોથી અમારી સાથે છે તે કારણે અમે એટલુ કહી શકીએ છીએ કે તે એક ઈબાદતગુઝાર,પરહેઝગાર,સેવાભાવી, અને ઉમદા માણસ છે.અમે લોકોએ તેમને અમારૂ કામ કરવાનું કહયુ પણ નથી. તેઓ પોતે જાતે બીજાની સેવામાં મશ્ગુલ રહે છે. અને દરેક વ્યકિતની મદદ પણ કરે છે. કાફલાવાળાના મિત્ર એ કહયું મને ખબર છે કે તમે લોકો તે માણસને જરા પણ ઓળખતા નથી. અગર તમે લોકો તેમને ઓળખી લેતે તો તમે લોકો તેની પાસે સામાન્ય નોકરની જેમ તેમની સેવા લેવાની ભુલ ન કરતે.બધા લોકોએ નવાઇ સાથે પૂછયું કે છેવટે આ માણસ છે કોણ? તેણે જવાબ આપ્યો તે અલી ઇબ્ને હુસૈન (અ.સ.) એટલે ઇમામ ઝૈનુલ આબેદિન (અ.સ.) છે.

આ સાંભળીને કાફલાના બધા માણસો ખુબ ચિંતામાં પડી ગયા અને માફી માંગવાના ઉદ્દેશ્યથી, ખુબ માન પૂર્વક ઈમામના હાથોને ચુમવા માટે તેમની તરફ આગળ વધ્યા. બધા લોકોએ ઇમામની સામે હાથ જોડીને ફરીયાદ કરતા કહયુ, તમે અમારી સાથે આવો વ્યવ્હાર શા માટે કર્યો? શકય છે, કે અજાણતા અમારી તરફથી તમારી શાનમાં કાંઇ ભુલ થઇ જાત તો અમારાથી એક મોટો ગુનાહ થઇ જાત.

ઇમામ (અ.સ.) એ જવાબ આપ્યો તમે લોકો મને ઓળખતા ન હતા. તેથી જ મે જાણી જોઇને તમારી સાથે મુસાફરી કરી કારણ કે જયારે હું જાણીતા લોકો સાથે મુસાફરી કરૂ છું ત્યારે તે લોકો રસુલ (સ.અ.વ) ના કારણે મારી સાથે પ્રેમ અને દયાથી વર્તાવ કરે છે, અને મને નાનુ મોટુ કામ કરવાની પણ રજા આપતા નથી. તેથી હું ઇચ્છતો હતો કે મારા પ્રવાસ માટે હું એવા સાથીદાર મિત્રોની પસંદગી કરુ કે જેઓ મને ઓળખતા ન હોય, જેથી



પણ કરી.આપ (અ.સ.) અવાજ કર્યોઃ હાલુ.

આ સાંભળીને હું ચોંકી ગયો એ માટે કે હાલુ નામના એક ગરીબ માણસની અવર જવર તો મારા ઘરની સામેજ રહેતી અને હું તો હાલુ ને ઓળખતો પણ હતો.

એજ સમયમાં મારી સામે હાલુ આવીને ઉભો રહયો અને હું તાઅજ્જુબથી તેને જોઇ રહયો હતો, કે ''આ માણસ ને તો હું સારી રીતે ઓળખુ છું. આપ (અ.સ.) એ કહયુઃ હાલુ આ માણસની માલ-મત્તા ચોરી થઇ ગઇ છે. તે મેળવીને આને આપી દો''એટલુ કહીને આપ (અ.સ.) ગાયબ થઇ ગયા. હજી હું નવાઇમાંથી બહાર નીકળું ત્યાં તો હાલુ મારો માલ સામાન અને પેટી લઇને હાજર થઇ ગયા અને મને કહયુઃ આ તમારો સામાન પેટી ખોલીને જોય લો તમારો સામાન તથા રકમ સલામત છે કે નહીં? મે પેટી ખોલીને જોયુ તો મારો બધો સામાન તથા રકમ સલામત હતી.હાલુ એ મને આગળ કહયુ કે તમે આ સામાન તથા પેટી કોઇને આપી દો અને હું જે જગ્યા બતાવુ ત્યા આવીને મને મળો એટલુ કહીને મને એક ખાસ જગ્યા બતાવી જયા અમારે મળવાનું હતું.મે હાલુના કહેવા પ્રમાણે અમલ કર્યો અને નકકી કરેલી જગ્યાએ હુ પહોંચી ગયો જયા હાલુ મારી રાહ જોઇ રહયા હતા.

મને જોઇને હાલુ એ કહયુઃ મારી પાછળ પાછળ આવો અને આજુ બાજુ જોતા નહીં. હું તે પ્રમાણે ચાલવા લાગ્યો હજુ તો અમે થોડા ડગલા ભર્યા હતા ત્યાં તો અમો મકકાના પાદર સુધી પહોંચી ગયા.હાલુ એ મને કહયુઃ જયારે તમો તમારા સાથીદારોને મળો તો આ વાત કોઇને નહીં બલ્કે એમ કહેજો કે એક માણસે મને નજદીકના રસ્તેથી અહી સુધી પહોંચવામાં મદદ કરી.અને પછી હાલુ એ મને એક જગ્યા દેખાડેલી અને મને કહ્યુ કે તમો હજના અરકાન પૂરા કરી અહી આ સમયે અને આ દિવસે મળજો.

આટલુ કહી હાલુ ખુદા હાફીઝ કહી રવાના થઇ ગયા.પછી મને મારા સાથીઓ મળ્યા. અમો એ હજ અદા કરી. પછી હું હાલુ એ દેખાડેલી જગ્યા એ અને કહેલા સમયે તે જગ્યાએ હાજર થઇ ગયો. થોડીવારમાં હાલુ પણ ત્યાં આવી ગયા. અને જયાંથી નીકળ્યા હતા. ત્યાં મને પાછો પહોંચાડી દીધો. રસ્તામાં મે કોશીશ કરી કે હું હાલુની આ બલંદી અને મકામ વિષે કંઇ પુછું પણ તેની અઝમત અને બુઝુર્ગી આગળ મારી જીભ ઉપડતી ન

હતી.પરંતુ છુટા પડતી વખતે હાલુ એ મને એક સવાલ કર્યો કે શું મારી દોસ્તી અને મોહબ્બતનો તમારા પર કોઇ હકક છે?મે કહયુઃ હા હા બેશક તમારો મારીપર ભુલી ન શકાય તેવો હકક છે.હાલુ એ કહયુ : વખત આવે આ હકકને અદા કરવાનો હું તમોને મોકો આપીશ.પછી હું ત્યાંથી કરબલા અને બીજા મુકદ્દસ ઝિયારતગાહોની ઝિયારત કરી,ઇસ્ફહાન પરત ચાલ્યો આવ્યો.

બીજા દીવસે મારા સંબધીઓ અને મિત્રો મને મળવા આવી રહયા હતાં. તે સમયે હાલુ પણ ચોકીદારના વેષમાં મને મળવા આવ્યા. હું હાલુને જોઇને મારી જગ્યાએથી તેઓના અહેતરામ માટે ઉભો થવા જતો હતો. ત્યાં હાલુ એ મને ઇશારાથી તેમ કરવાની ના પાડી અને ઇશારાથી તે પણ સમજાવી દીધુ કે આખી વાતને રાઝ જ રાખવાની છે. તેને જાહેર કરવાની નથી.પછી ઉભા થઇ ને ચાલવા લાગ્યા.જતી વખતે તે મારી પાસે આવ્યા અને મને કહયુ બે દીવસ પછી મારૂ મુત્યુ થઇ જશે. મારા ઘરના ઓરડામાં એક પેટી છે. જેમા મારૂ કફન છે. તે મને પહેરાવજો અને દીરહમ મારી તદફીન તથા તકફીન પાછળ ખર્ચ કરજો.

તેના કહેવા પ્રમાણે બે દીવસ પછી તેઓ મૃત્યુ પામ્યા. હુ હાલુના ઘરે ગયો તથા બે ચાર મજદુરો તથા ચોકીદારો ભેગા થયેલા હતા. મે હાલુના કહેવા પ્રમાણે તેના ઘરની અંદર રાખેલી પેટી ખોલી તો તેમાં કફન અને આઠ દીરહમ મૌજુદ હતા. આ મચ્યત આજ બુઝુર્ગ વાર (હાલુ)ની છે. આ અલ્લાહના દોસ્તની મચ્યત ગુસ્લ ખાનામાં રાખેલી છે. હવે તમો જ બતાવો કે શા માટે હુ આવા અલ્લાહના દોસ્તના ગમમાં ન રડું અને શા માટે મને તેના ઇન્તેકાલથી સદમો ન પહોંચે.

(ઇમામે વકતકી ચોખટપે પેજ-પથી૧૧)

(નોંધઃ- હાલુનો મતલબ સીધો, સાદો, શાંત અને સારા અકીદાવાળો થાય છે. તેથી સીધા, સાદા, શાંત લોકો ને હાલુ કહે છે.)

## પ્રકરણ – ૯

## ઈ.મહદી (અ.સ.) ની બારગાહમાં અરીઝા

મરહુમ મોહદ્દીસે નુરી કહે છે : ફાઝીલ અને દાનીશવર મીરઝા ઇબ્રાહીમ



## પ્રકરણ – ૧૮

## અલ્લાહ (ત) કોને દોસ્ત નથી રાખતો?

રસુલ (સ.અ.વ) અને આપના સાથીદારો પોતાની સવારી (ઉંટ) પરથી નીચે ઉતર્યા અને પોતાનો સામાન ખોલ્યો ત્યારબાદ દરેક લોકોએ નકકી કર્યુ કે તેઓ એક બકરીની કુરબાની કરીને સાથે બેસીને જમશે.એક સાથીદારે કહયું બકરીની કુરબાની હું કરીશ. બીજાએ કહયું તેનુ ચામડું હુ ઉતારી આપીશ.ત્રીજાએ કહયું ગોશ્ત (શાક) હું રાંધીશ. રસુલ (સ.અ.વ) બોલ્યા રસોઇ રાંધવા માટે જરૂરી જંગલમાંથી લાકડીઓ ભેગી કરીને હું લાવી આપીશ. બધાજ આપના સાથીદારો એક અવાજે બોલી ઉઠયા યા રસુલલ્લાહ! અમારી હાજરીમાં તમારે તકલીફ લેવાની જરૂરત નથી. અમે લોકો ખુબજ આસાનીથી અને આનંદ પુર્વક આ કામ કરી લેશું.

રસુલ સાહેબે જવાબ આપ્યો, મને ખબર છે કે તમે લોકો આ કામ સફળતા પુર્વક કરી લેશો, **પરંતુ અલ્લાહ તે બંદાને જરાપણ દોસ્ત નથી રાખતો કે જે પોતાની જાતને તેના મિત્રોની વચ્ચે મહાન (ઉચ્ચ) સમજે અને પોતાને બીજા કરતા વધારે શ્રેષ્ઠ સમજે અને બીજાની સરખમાણીમાં પોતાની જાતને વધારે ઇઝઝતદાર માને છે.**આટલુ કહીને મોહમ્મદ (સ.અ.વ) જંગલ તરફ ચાલતા થયા અને થોડીજ વારમાં લાકડીઓ અને ઘાસ લઇને પાછા ફર્યા.

(૧) (અલ કુરઆન) (૨) કોહલલ બસર પેજ નં.૬૮

(સચ્ચી કહાનીયા પેજઃ-૨૩ ,૨૪)

## પ્રકરણ – ૧૯

## ઈ.સજ્જાદ (અ.સ.)ની નમ્રતા.

મુસલમાનોનો એક કાફલો મકકા જઇ રહયો હતો. મદીના પહોચીને આ ગ્રુપના લોકો ત્યાં થોડા દિવસ સુધી રોકાય ગયા. થોડા દિવસ આરામ કર્યા પછી તે લોકો મદીનાથી મકકા તરફ રવાના થયા. મકકા અને મદીનાની વચ્ચે કાફલા વાળાની મુલાકાત એવા એક માણસ સાથે થઇ જે કાફલાના બધાજ માણસોને સારી રીતે ઓળખતા હતા. તે માણસ ગ્રુપના માણસો

પ્રાપ્ત કરતે. આપે શા માટે આ કાર્ય માટે તકલીફ ઉપાડી અને તમારે આ કામ માટે પાછુ ફરવું પડયુ અમેતો ખુબજ ગર્વથી તન,મન થી આ કાર્ય કરી આપવા માટે તૈયાર હતા. ઈસ્લામના પયગમ્બરે જવાબ આપતા કહ્યુ "**પોતાના કામ માટે ન તો કોઈની મદદ લેવી જોઈએ ન તો કોઈના પર ભરોસો રાખવો જોઈએ ભલે ને એક જ દાંતણ લાવવુ હોય એટલે કે ભલે ને એકદમ નાનુ કાર્ય હોય તો પણ બીજા પર આધાર રાખવાને બદલે પોતે જાતે આ કાર્ય કરી લેવુ જોઈએ".**

(કહલુલ બસર,મોહદ્દિસે કુમ્મી પાના.૬૯)

(સચ્ચી કહાનીયા ભાગઃ૧ પેજ.૨૫,૨૬).

## પ્રકરણ – ૧૭

## હજની મુસાફરીનો સાથી

એક માણસ અલ્લાહના ઘરની હજ કરીને ઈ.જઅફરે સાદિક (અ.સ.) પાસે આવીને પોતાની અને પોતાના મિત્રોની મુસાફરી દરમિયાનની વાતો કરી રહયો હતો. પોતાના એક સાથીદાર મિત્રની તે ખુબ જ પ્રશંસા કરતો હતો. તેણે કહ્યું કે ખરેખર તે ઈબાદત ગુજાર અને પરહેઝગાર વ્યકિત હતો. તે દરેક સમયે અલ્લાહની ઈબાદતમાં લીન રહેતો હતો જયારે અમે રાત્રી વીતાવવા માટે અમારો કાફલો રોકતા કે તે તુરંત જ પોતાની સવારી (ઊંટ) પરથી ઉતરીને એક ખુણામાં ચાલ્યો જતો અને તુરંત જ મુસલ્લો પાથરી દેતો અને અલ્લાહની ઈબાદતમાં મશ્ગુલ થઈ જતો.

ઈમામે તે વ્યકિતને પુછયું, પછી તેના બીજા કામ કોણ કરતા હતા? તેના જાનવરો ઊંટની સંભાળ કોણ રાખતુ? તેણે ઉત્તર આપ્યો,વાત એકદમ સ્પષ્ટ છે. આ તમામ કાર્યો કરવાનું સૌભાગ્ય અમને પ્રાપ્ત થયું હતું. તે તો તેની ઈબાદતના કાર્યમાં મશ્ગુલ રહેતો હતો. તેને ઈબાદતના સિવાય બીજા કોઈ કામથી મતલબ ન હતો. ઈમામે જવાબ આપતા કહયું **આજ કારણ છે કે તમે બધા લોકો તે ઈબાદત ગુજાર અને પરહેઝગાર કરતા વધારે બેહતર છે.**(સચ્ચી કહાનીયા ભાગ.૧ પેજ.૨૩)



શીરાઝી હાઈરીએ અરીઝાને લગતો એક કીસ્સો વર્ણવ્યો છે.તેઓ કહે છે, હું શીરાઝમાં રહેતો હતો અને મારી એક ખુબ જરૂરી હાજત હતી,અને આ હાજત પૂરી થવા માટે કોઈ રસ્તો નજર ન હોતો આવતો અને મારી એક હાજત હ.ઈ.હુસૈન (અ.સ.)ની ઝિયારતનો શરફ મેળવવાની પણ હતી.આ માટે હું સખ્ત પરેશાન હતો, અને આ હાજત પૂરી થવા માટે મને એકજ રસ્તો નઝર આવતો હતો, અને તે રસ્તો હતો, મહેરબાની અને ઈનાયતના સાગર હ.ઈ.ઝમાના અ.સ.ની બારગાહમાં ઈસ્તેગાસાહ કરૂ અને અને અરીઝા લખું અને અરીઝામાં હાજત લખી નાખુ,અને મે એવુજ કર્યુ અને મગરીબના વખતે છુપાઈને શહેર ની બહાર નીકળયો, અને એક હૌઝના કીનારે આવ્યો (અને જેવી રીતે રીવાયતો માં બયાન કરવામાં આવ્યુ છે. તેવી રીતે મે નવ્વાબે અરબા (ચાર નાએબો માંથી) અબુલ કાસીમ જ.હુસૈન બીન રવ્હને અવાઝ આપી અને સલામ કરી અને કહયુઃ આ અરીઝાને મારા તથા તમામ ઈન્સાનોના સૈયદો સરદારની ખીદમતમાં પહોંચાડી દેજો, અને પછી મે અરીઝાને પાણીમાં નાખી દીધો,અને શહેરમાં પાછો ચાલ્યો આવ્યો.

સુરજ ડુબી ચુકયો હતો,અને હુ બીજા દરવાજે થી શહેરમાં દાખલ થયો અને ઘરે પાછો ચાલ્યો અને આ વાત મે કોઈને પણ કહી ન હતી.બીજા દીવસે સવારના પહોરમાં થોડા આદમીઓ સાથે મારા ઉસ્તાદની પાસે ગયો, જેની પાસે હું ઈલ્મ હાંસીલ કરતો હતો. હું અને બધા આદમીઓ ઉસ્તાદ પાસે બેઠી ગયા.

એટલામાંજ એક શરીફ અને પાક સૈયદ ઈ.હુસૈનના ખાદીમોના કપડામાં દાખલ થયા અને ઉસ્તાદની એકદમ નજદીક બેસી ગયા. આ સૈયદને અમો એ કયારેય પણ નહોતા જોયા અને ઓળખતા પણ ન હતા તેઓએ મારી સામે ધ્યાન આપ્યું, અને મારા નામથી અવાઝ આપી અને કહયુઃ તમારી અરીઝા હ.ઈમામ અસ્ર અરવાહોના ફીદાની ખીદમતમાં પહોંચાડી દીધો. હું તેઓના શબ્દોથી હેબતાઈ ગયો અને બેઠેલા લોકો પણ તેઓની વાત ન સમજી શકયા, કે તેઓ શું કહી રહયા છે. અને લોકો પૂછવા લાગ્યા વાત શું છે?

તેઓ કે કહયુંઃ કાલે રાત્રે મે સ્વપ્નમાં જોયું કે અમુક લોકો સલમાને

મોહમ્મદીની આજુબાજુમાં ઉભા છે. અને તેઓ પાસે ઘણી બધી અરીઝાઓ હતી, અને તેઓ તેને જોઇ રહયા હતા. જયારે તેઓએ મને જોયો તો મને બોલાવ્યો અને કહયુ કે ફલાણા (ઇબ્રાહીમ શીરાઝી) ની પાસે જાઓ અને કહો તમારી અરીઝા (અને પછી મને તેનો હાથ ઉંચો કરી અને દેખાડયુ કે અરીઝા પર મહોર લાગેલી હતી) હ.ઇ.હુસૈન (અ.સ.) ની ખીદમતમાં પહોંચી ગઇ છે.અમે સમજી ગયા કે જેની હાજત પૂરી થઇ જાય છે, તેની અરીઝા પર મહોર લગાડી દેવામાં આવે છે. અને જેની હાજત પૂરી નથી થતી તેની અરીઝા પાછી ફરી જાય છે.

હાજર રહેલા લોકોએ સ્વપ્નની સરચાઇ વિષે પૂછયું, તો મે મારો (અરીઝા) વિષેનો આખો બનાવ વર્ણાવ્યો અને કસમ ખાઇને કહયું કે મે મારી અરીઝાની વાત મે કોઇને કહી નથી.લોકોએ મને મુબાકબાદી આપી કે તમારી હાજત પૂરી થઇ ગઇ.અને થયુ એવુજ કે અમુક સમય પસાર થયા પછી હું ઇ.હુસૈન (અ.સ.) ના રોઝા તરફ જવામાં સફળ થયો અને ઇ.હુસૈનના હરમમાં રહેવા લાગ્યો અને અરીઝામાં લખેલી બીજી હાજતો પણ પુરી થઇ ગઇ. હું અલ્લાહના શુક્ર ગુઝાર છું અને અલ્લાહના અવલીયા પર દુરૂદ મોકલુ છું. (સહીફએ મહદી પેજઃ-૩૭૦)

## પ્રકરણ – ૭

## ''નમાઝ''

શૈખ તુસી અને શૈખ તબરસીએ ઝોહરીથી રીવાયત કરી છે. કે ઝોહરી કહે છે કે મે સાહેબુલ અમ્ર (અ.સ.)ને ખુબ શોધ્યા અને આ શોધખોળ પાછળ ખુબ માલ ખર્ચ કર્યો પણ હું ઇમામ (અ.સ.) ની મુલાકાતથી મહેરૂમ રહયો. પછી હું મોહમ્મદ બીન ઉસ્માન અમ્રવી જે ઇ.ઝમાના (અ.સ.)ના નાએબ હતા. તેઓની ખીદમતમાં પહોંચી અને તેઓની મે એક મુદત સુધી ખીદમત કરી (અને ત્યાં રહેવા લાગ્યો) એક દિવસ મે હીંમત કરીને મે જ. મોહમ્મદ બીન ઉસ્માનને વિનંતી કરી કે તેઓ મને ઇ.ઝમાના (અ.સ.)ની ખિદમતમાં પહોચાડે તો તેમણે સ્પષ્ટ ના પાડી દીધી. મે ખુબજ આજીજી કરી,પછી તેઓએ કહયું તમે કાલે સવારે આવજો.

હુ બીજા દીવસે સવારે તેઓ પાસે ગયો, તો જોયું કે તેઓ ખુદ મારી પાસે



કારણે તમે મારા માટે દુઆ નથી કરતા? ઇમામ અ.સ.એ જવાબ આપ્યો.''**તું સારી રીતે જાણે છે. કે અલ્લાહ આ માટે એક રસ્તો નક્કી કર્યો છે. અને તેના (અલ્લાહના) હુકમ પ્રમાણે રોઝીની શોધ માટે ઘરની બહાર નીકળો અને ખુબ મહેનત કરો** આનાંથી વિરૂધ્ધ તુ એમ ચાહે છે, કે દુઆને કારણે તુ રોઝીને પોતાના ઘરે બોલાવે.(રેફ.વસાયલ પ્રકાશન અમીર બહાદુર ભાગઃ૨ પેજ.૫૨૯)

(સચ્ચી કહાનીયા ભાગઃ૧ પેજ.૨૪)

## પ્રકરણ – ૧૯

## પોતાનું કામ પોતે કરો.

લોકોનું એક ગ્રુપ ઘણી મુસાફરી પુરી કરી ચુકયુ હતુ.ગ્રુપની દરેક વ્યકિત ખુબ જ થાક અનુભવતી હતી. પશુ પણ થાકી ગયા હતા એટલે સુધી કે લોકોનો આ સમુહ એક એવી જગ્યાએ પહોંચ્યો જયાં પાણી મૌજુદ હતુ. આ સ્થળે કાફલાને આરામ માટે રોકવામાં આવ્યો. મોહમ્મદ (સ.અ.વ) પણ આ કાફલામાં (ગ્રુપમાં) હતા. બધા લોકોની જેમ આપ પણ ઉંટ પરથી ઉતરયા. કાફલાની દરેક વ્યકિત  ઝડપથી પાણીથી નહેર પર પહોંચવા ઇચ્છતી હતી. જેથી તેઓ ત્યાં જઇ વઝુ વગેરે કરીને નમાઝ માટે તૈયાર થઇ જાય.

મોહમ્મદ (સ.અ.વ) પણ ઉંટ પરથી ઉતરીને પાણીની નહેર તરફ આગળ વધ્યા, પરંતુ થોડુ ચાલીને પછી કોઇને કશું કહયા વિના પાછા વળ્યા અને પોતાના ઉંટ તરફ આગળ વધ્યા. આપ (સ.)ના સાથીદારો અને મિત્રોને લાગ્યુકે કદાચ મોહમ્મદ (સ.અ.વ)ને આ સ્થળ પસંદ નથી પડયું લાગતું અને કદાચ આગળ ચાલવાનું કહશે. બધાયની નજર આપ (સ.) પર હતી. દરેક વ્યકિત મોહમ્મદ (સ.અ.વ) ની નવી સૂચના સાંભળવા આતુર હતા. પરંતુ લોકો ત્યારે નવાઇ પામ્યા જયારે લોકોએ જોયું કે આપ (સ.)એ પોતાના દુપટ્ટો લીધો અને ઉંટની કમર બાંધવાનું શરૂ કર્યું. આપે આ કામ ઝડપથી પુરૂ કરીને નહેર તરફ આગળ વધ્યા.

બધી બાજુથી લોકો કહેવા લાગ્યા કે યા રસુલલ્લાહ, તમે અમને આ કામ કરવાનો હુકમ શા માટે ન આપ્યો. અમે તમારૂ આ કાર્ય કરીને સદ્ભાગ્ય

દુઆ કરીશ કે અય અલ્લાહ! તુ મારા કામમાં સફળતા આપજે અને મને હંમેશા માટે કોઇનો મોહતાજ નહીં બનાવતો.ત્યાર પછી આ માણસે વિચાર કરવાનું શરૂ કર્યુ કે હું શું કામ કરી શકુ.

તુરંત જ તેના મનમાં વિચાર આવ્યો કે પોતે જંગલમાંથી લાકડા લાવીને બજારમાં વેચી દેશે. તેણે પોતાના પાડોશી પાસેથી ઉછીની કુહાડી લીધી અને જંગલની તરફ ચાલતો થયો. થોડી મહેનત કર્યા પછી તેણે ઘણા બધા લાકડા ભેગા કરી લીધા અને તેને બજારમાં લાવી ને વેચી દીધા. આ રીતે તેને મહેનતનું સારૂ ફળ મળ્યું. પછી પણ તેણે આગળ આ જ કાર્ય ચાલુ રાખ્યું.

ધીરે ધીરે પોતાની આવકમાંથી એક કુહાડી ખરીદી લીધી. પછી થોડા દિવસો પછી પોતાની આવકમાંથી થોડા પાલતુ જાનવર અને ઘરનો સામાન લીધો પરંતુ તે જંગલમાં નિયમિત લાકડા કાપવા જતો અને તેને બજારમાં વેચતો થોડા સમય પછી તે એક પૈસાદાર વેપારી બની ગયો અને થોડા નોકર પણ રાખી દીધા.

એક દિવસ મોહમ્મદ (સ.) પાસે તે માણસ ગયો અને હસતા હસતા મોહમ્મદ (સ.અ.વ) કહયું, મે નહોતું કીધુ કે જે વ્યકિત અમારી પાસે હાજત માંગે છે તેની અમે અવશ્ય હાજત પુરી કરીએ છીએ પરંતુ તે અગર અલ્લાહ પાસે હાજત ચાહે તો અલ્લાહ તેને કોઇનો મોહતાજ નહીં બનાવે

(ઉસુલે કાફી ભાગઃ૨ પેજ.૧૩૧)

(સચ્ચી કહાનીયા ભાગઃ૧, પેજ.૨૦ થી ૨૨)

## પ્રકરણ – ૧૫

## દુઆની ઈચ્છા

એક માણસ ખૂબ જ દુઃખી અને મુશ્કેલીની હાલતમાં ઇ.જઅફરે સાદિક (અ.સ.) પાસે આવ્યો અને બોલ્યો કે હું ખુબ ગરીબ અને મોહતાજ છું. આપ મારા માટે દુઆ કરો કે અલ્લાહ મારી રોઝીમાં વધારો કરે અને મને દરેક મુશ્કેલીમાંથી છુટકારો મળે.

ઇમામ (અ.સ.)એ કહયું હું તારા માટે હરગીઝ દુઆ નહીં કરૂ.તે માણસે ખુબજ નિરાશ થતા કહયું કે યા ઇમામ (અ.) એવું શું કારણ છે કે જેને



આવી રહયા હતા, અને તેઓની સાથે એક યુવાન જે ખુબસુરત અને મોઅત્તર જ.મોહમ્મદ બીન ઉસ્માનની સાથે આવી રહ્યા હતા, અને તેના હાથમાં અમુક વસ્તુ રાખેલી હતી.મોહમ્મદબીન ઉસ્માને મને ઇશારો કરીને સમજાવ્યુકે આ એ જવાન છે, જેને તું મળવા માટે ઉત્સુક હતો.હું ઇ.ઝમાના અ.સ.ની ખીદમતમાં ગયો, અને મારે જે કંઇ પુછવું હતુ તે પૂછી લીધુ. ઇમામ (અ.સ.)મે મને બધા સવાલોના જવાબ આપ્યા. અમો ચાલતા ચાલતા એક મકાનના દરવાજા પાસે પહોંચ્યા ઇમામ (અ.સ.)મકાનમાં દાખલ થવા લાગ્યા ત્યારે જ.મોહમ્મદે મને કહયું, અગર તમારે કોઇ સવાલ હોય તો હઝરત (અ.સ)થી પુછી લો કારણ કે તમો હવે પછી કયારે પણ ઇમામ (અ.સ.)ને મળી શકશો નહીં.

મે સવાલ કરવા ચાહયું પણ ઇ.ઝમાના (અ.સ.)એ મારી તરફ ધ્યાન આપ્યુ નહીં, અને મકાનમાં દાખલ થઇ ગયા, પણ મકાનમાં દાખલ થતા થતા તેમણે આ પ્રમાણે ફરમાવ્યું, ‘‘**મલઉન છે મલઉન છે તે કે જે નમાઝે મગરીબમાં એટલુ મોડુ કરે કે આસમાના સીતારા દેખાવા લાગે અને મલઉન છે મલઉન છે તે કે જે નમાઝે સુબ્હમાં એટલુ મોડુ કરે કે સીતારા આથમી જાય.** (હકકુલ યકીન ભાગઃ- ૨, પેજ-૩૪૪)

## પ્રકરણ – ૮

## લકવાની બિમારીમાં શિફા

આ બનાવ હીજરી સન ૭૫૯ નો છે. અબ્દુલ રહેમાન બીન ઇબ્રાહીમ કબાઅકી કહે છે. કે હું હીલ્લા શહેરમાં આ વાત સાંભળતો રહેતો હતો કે કારી નજમુદીન જઅફર બીન ઝોહરીને લકવા થઇ ગયો છે. અને તેના પિતાનું મૃત્યુ થઇ ચુકયુ છે. અને કારી નજમુદીનના દાદી તેના ઇલાજ માટે ઘણી બધી કોશીષો કરે છે, પણ તેઓને શિફા મળતી નથી.

લોકો એ તેના દાદીને કહયુ કે તેઓ નજમુદીનના ઇલાજ માટે બગદાદના તબીબોને દેખાડે. તેણીએ બગદાદના તબીબોને બોલાવ્યા અને આ તબીબોએ એક લાંબા સમય સુધી નજમુદીનની સારવાર કરી પણ પરીણામ કંઇ ન આવ્યું અને નજમુદીનને તદુરસ્તી ન મળી. પછી અમુક લોકોએ સલાહ આપી કે તમે નજમુદીનને હીલ્લામાં જે મકામે સાહેબુઝમાન

(અ.સ.)માં જે કુબ્બો છે. ત્યાં નજમુદીનને શા માટે લઇ નથી જતા? શકય છે કે અલ્લાહ તઆલા તેમને ત્યાં શીફા આપી દે.

તેઓએ એવુ જ કર્યુ. એક રાત્રીના તેઓ નજમુદીનને ત્યાં મુકી આવ્યા તો ઇમામે ઝમાના (અ.સ.)એ નજમુદીનને તેના પગ પર ઉભો કરી દીધો અને તેની બીમારી દુર થઇ ગઇ. આ બનાવ તો મે બીજાથી સાંભળેલો હતો પરંતુ એક દીવસ મારી મુલાકાત નજમુદીનથી થઇ ગઇ, તો તેઓએ મને કહ્યુ, કે એક રાત્રીના મારા દાદી મને કુબ્બાની અંદર લઇ જઇને મને એકલો છોડી દીધો ત્યાં હ.ઇ.સાહેબુઝઝમાન (અ.સ.)તશરીફ લાવ્યા અને તેઓએ મને કહ્યું, ખુદાના હુકમથી ઉભો થઇ જા.આટલુ કદી આપ (અ.સ.)એ મને ટેકો આપી ને ઉભો કરી દીધો, અને મારી લકવાની બીમારી જતી રહી.

જયારે લોકોને આ વાતની ખબર પડી તો મારી માટે જાન બચાવવી મુશ્કેલ થઇ ગઇ, મારા શરીર પરના કપડાના લીરે લીરા કરી નાખી અને તેના કટકાઓને લોકો તબરરૂકના તોર પર સાથે લઇ ગયા. મારા શરીર પર એક પણ કપડુ સલામત રહયુ નહીં. પછી અમુક લોકોએ મને કપડા આપ્યા, અને તે પહેરીને હું ઘરે ગયો અને પછી તેઓના કપડા પરત કરી દીધા.(બેહારૂલ અન્વાર ભાગ-૧૧ ઉર્દુ પેજ:૫૮૫).

## પ્રકરણ – ૯

## ઇમામે વકત દિલની વાતોને જાણે છે.

એહમદબીન અલી રવહ કહે છે, કે અહેલે દીલનુરમાંથી એક ઔરતે મને બોલાવ્યો. હું તેના ઘરે પહોંચ્યો તો તે ઔરતે મને કહ્યુ કે : અય ઇબ્ને અલી રવહ તમારી અમારા શહેરના દીનદાર,ઝાહીદ અને મુત્તકી આદમી ઓમાં ગણાત્રી થાય છે. તેથી હું એક અમાનત તમોને આપવા ચાહું છું, અને મને ઉમ્મીદ છે કે તમે તમારા વચન પર બાકી રહેશો.(ખરેખર આ ઔરત જેનું નામ આતેકા છે. તે એક થેલી ઇ.ઝમાના(અ.સ.)ના ''સફીર''ને પહોંચડવા માગે છે. અને સાચા ઇન્સાન સુધી પહોંચાડવાની કોશીષ કરે છે.)



તે પોતે મોહમ્મદ (સ.)ને પોતાની મુશ્કેલીઓ જણાવશે અને તેમની પાસે મદદ માંગશે.

આ વાત નકકી કરી તે માણસ હ.મોહમ્મદ (સ.) પાસે જાય છે .પરંતુ તે માણસ કાંઇ બોલે તે પહેલા જ મોહમ્મદ (સ.) એ કહયું કે અગર કોઇને કાંઇ હાજત (જરૂરીયાત) હોય અને અમારાથી સવાલ કરશે તો અમે બેશક તેની મદદ કરશું પણ અગર તે માણસ અલ્લાહ પાસે મદદ માંગે (અલ્લાહથી હાજત માંગે) તો અલ્લાહ તેને એટલુ આપશે કે તેને કોઇની પાસે મદદ માંગવી પડશે નહીં. આ વાકય સાંભળીને તે માણસ મોહમ્મદ (સ.)ને કશું કહી શકયો નહીં અને પોતાના ઘરે પાછો ફર્યો.

ઘરે પહોંચીને તેણે ઘરમાં ભૂખ અને ગરીબીનું વાતાવરણ જોયું. વિવશ થઇને ફરીવાર આર્થિક મદદના હેતુથીતે મોહમ્મદ (સ.અ.વ.)ની પાસે ગયો તે દિવસે પણ મોહમ્મદ(સ.)એ આ જ વાકય કહયું કે અગર કોઇ અમારાથી સવાલ કરે તો અમે તેની હાજત પુરી કરશું પણ અગર જો કોઇ અલ્લાહથી હાજત (જરૂરીયાત) માંગે તો અલ્લાહ તેને એટલુ આપશે કે તેને ફરીવાર બીજા કોઇ પાસે માંગવુ નહીં પડે.

આ વખતે પણ તે પોતાની હાજત બયાન કર્યા વિના પોતાના ઘરે પાછો આવી ગયો. ઘરની ખૂબજ ખરાબ હાલત હતી. બાળકો ભૂખ પ્યાસથી તડપતા હતા. ઘરની આ હાલત અને દુઃખોથી પરેશાન તે માણસ ફરી મોહમ્મદ (સ.) પાસે જાય છે. ફરી એકવાર મોહમ્મદ (સ.અ.વ)ની મુબારક ઝબાન પરથી આ જ વાકય સાંભળે છે.આ વખતે મોહમ્મદ (સ.અ.વ)ના આ વાકયને સાંભળીને તેના મનને અસાધારણ શાંતી મળી. તેને લાગ્યુ કે આ વાકય મારા તમામ દુઃખો દૂર કરવાની ચાવી છે. આ વખતે તે હ.મોહમ્મદ (સ.અ.વ) પાસેથી ઉભો થયો ત્યારે તે ખૂબ શાંતી (આરામ)ની લાગણી અનુભવી રહયો હતો.

તે ખૂબજ હિંમત સાથે પોતાના ઘર તરફ આગળ વધ્યો. રસ્તામા તેના મનમાં વિચારી રહયો હતો કે હું કયારેય કોઇ વ્યકિત પાસે હાથ લાંબો નહી કરૂં. અગર માંગવુ જ હશે,તો અલ્લાહથી માંગીશ અને તેના પર ભરોસો રાખીને તેની આપેલી શકિતથી કામ કરીશ અને ત્યાર પછી અલ્લાહ પાસે

નજર બે સમુહ ઉપર પડી,કે જેઓ ભેગા મળીને કશુંક કામ કરી રહયા હતા. જેમાંથી એક સમૂહ અલ્લાહની ઈબાદત (બંદગી) કરી રહયુ હતું, જયારે બીજા સમૂહના લોકો પોતે કશું શીખી રહયા હતા અને બીજાને શીખવાડતા હતા એટલે બીજા સમૂહના લોકો ઈલ્મની ચર્ચા કરતા હતા. મોહમ્મદ (સ.અ.વ) આ બંને સમૂહને જોઇને (તેમના કાર્યને જોઇને) ખુબ ખુશ થયા અને પોતાના સાથીદારો તરફ જોઇને કહયું કે આ બંને ગ્રુપના લોકો નેક કામ કરી રહ્યા છે, અને નેકીના રસ્તાપર ચાલી રહ્યા છે.

આપે પોતાની વાત આગળ વધારતા કહ્યું પરંતુ મને લોકોને શિક્ષણ આપવા અને લોકોને બાઅખ્લાક બનાવવા માટે મોકલવામાં આવ્યો છે. આ વાકય બોલતા બોલતા આપ (સ.અ.વ) ઈલ્મની ચર્ચા કરતા ગ્રુપ પાસે ગયા અને તે લોકો સાથે કાર્ય કરવા લાગ્યા (મનીયતુલ મુરીદ પૃષ્ઠ-૧૦ મુંબઇ પ્રકાશન) (સરચી કહાનીયા ભાગઃ૧ પેજ ૧૯).

## પ્રકરણ – ૧૪

## મેહનતનું ફળ

જયારે તે પોતાના અગાઉના સમયને યાદ કરતો ત્યારે તેને પોતાના દુઃખ ભર્યા દિવસો યાદ આવતા. જે દિવસોમાં તે પોતાની પત્ની અને બાળકોને પુરતું ખાવાપીવાનું પણ લાવી શકતો નહીં, અને માસુમ બાળકો ભૂખથી તડપયા કરતા તે મનમાં અને મનમાં એક વાકય પર વિચાર કર્યા કરતો, જેના કારણે તેની ઉંઘ હરામ થઇ ગઇ હતી. આ એક જ વાકય એવુ હતુ કે જેણે તેનામાં અસાધારણ રૂહાની શકિત પૈદા કરી દીધી હતી, અને તેનુ જીવન બદલી નાખ્યુ. તેનુ દુઃખી જીવન સુખમાં (ખુશીમાં) ફેરવાય ગયુ ગઇ. કાલે તેનુ જીવન ખુબ દુઃખમય હતુ. તેનુ કુટુંબ ગરીબ હતુ અને તેઓ ગરીબીથી ભરેલુ જીવન જીવતા હતા, આ એક વાકયની બરકતે તેનુ જીવન શાંતીમય સુખદાયી બનાવી દીધુ.

આ માણસ બીજો કઇ નહિ પણ મોહમ્મદ (સ.અ.વ)નો સહાબી હતો. તે ગરીબ હતો. એક દિવસ તે સંસારના દુઃખો અને તકલીફોથી ખુબજ પરેશાન થઇ ગયો ત્યારે તેની પત્નીએ સલાહ આપી કે તમે મોહમ્મદ (સ.અ.વ) પાસે જઇને આપણી ગરીબી અને દુઃખની વાત કરો. પછી તેણે નકકી કર્યુ કે



મે કહયુઃ ઈન્શાઅલ્લાહ હું તેમજ કરીશ. તે ઔરતે કહયુઃ ‘‘આ થેલી છે તેમાં અમુક દીરહમની રકમ છે. આને ખોલીને જોતા નહીં ત્યાં સુધી કે એ શખ્સ સુધી પહોંચી જાવ કે જે તમને બતાવી દે કે આ થેલીમાં શું છે? અને આ થેલીમાં મારાં એક ગોશવારા (કાન ની બુટી)પણ છે. જે દસ દીનાર ની બરોબર છે. અને ઝવેરાતના ત્રણ દાગીના (મોતીઓ) છે. તે પણ દસ દીનારની બરોબર છે. અને બીજુ એક મારે ઈ.સાહેબુઝઝમાન (અ.સ.) એક વાત જાણવી છે પણ હું ચાહુ છું કે હુ સવાલ કરૂ તે પહેલા તેઓ (અ.સ) જવાબ આપી દે.’’મે કહયુઃ તમે તેઓ (અ.સ.)ને શું પૂછવા માંગો છો? તે ઔરતે કહયુઃ મારી શાદી માટે મારી મા એ કોઇ પાસે થી દસ દીનારનું કર્ઝ લીધુ હતું. અને મને ખબર નથી કે તેણે કોની પાસેથી કર્ઝ લીધુ હતું. જેથી હું તે કર્ઝ ચુકવી શકુ. જે કોઇ તમને આ વાત બતાવી દે તેને આ થેલી આપી દેજો.

પછી મે બધો માલ લીધો અને પછી આ થેલી લઇને હું બગદાદ પહોંચ્યો ત્યાં હું હાજીજ વશાઇના ઘરે પહોંચ્યો અને સલામ કરીને બેસી ગયો.તેઓએ પૂછયું :- શું તમારે કઇ કામ છે.? મે કહયું :- જીહા. આ માલ મારે પહોંચાડવાનો છે. પણ એ શર્ત છે ,કે જયાં સુધી તમોએ ન બતાવી આપો કે આમાં કેટલો માલ છે. અને કોણે દીધો છે? ત્યાં સુધી હું આ માલને તમારે હવાલે નહીં કરૂ. જો તમે અત્યારે બતાવી દો તો હું આ માલ તમને અત્યારે જ આપી દઉ હાજીઝે કહયું : અય અહમદ બીન રવહ આ કામ માટે તમે સામરરા જાવ.મે કહયુઃ- લા એલાહ ઈલ્લલાહ આતો આનાથી પણ બહેતર છે. જે હું વિચારી રહયો છું.પછી હું ત્યાંથી સામરરા ગયો અને હું વિચારતો હતો કે પહેલા જઅફર પાસે જાઉ પછી વીચાર્યુ કે નહીં પહેલા ઈ.હસન અસ્કરી (અ.સ.)ના ઘર વાળા પાસે જાઉ. અને ત્યાંથી મારો મકસદ પૂરો થઇ જાય.નહીતર પછી જઅફર પાસે જાઉ.આ ઈરાદાથી હું હ.ઈ.અબુ મોહમ્મદ હસન અસ્કરી (અ.સ.)ના ઘરે ગયો.

હું ઘરે પહોંચ્યો તો ઘરમાંથી એક ખાદીમ બહાર નીકળ્યો અને કહયુઃ શું તમો અહમદબીન રવહ છો? મે કહયુઃ હા ખાદીમે કહયુઃ ઠીક છે. આ પત્ર લો અને વાંચી લો. મે પત્ર વાંચ્યો તો એમાં આ પ્રમાણે લખેલુ હતું.

"બીસ્મીલ્લાહ હીર રહમાનીર રહીમ. અય અહમદ બીન રવહ! આતેકા બીન્તે દીઇરાની એ તમોને એક થેલી સોપીં છે. તમારા ખ્યાલ પ્રમાણે થેલીમાં એક હજાર દીરહમ છે. પરંતુ તમારો ખ્યાલ ખોટો છે. એવુ નથી તમને એક અમાનત આપવામાં આવી હતી.જેને તમે ખોલીને જોઇ નથી. તેથી તમને શું ખબર પડે કે તેમા કેટલી રકમ છે. આ સીવાય તમારી પાસે એક ગોશવારા (કાનનીબુટી ) છે. તે ઔરતનો ખ્યાલ છે કે આ દસ દીનારની કીંમતના છે. આ સાચુ છે. આ ગોશવારામાં જે નંગ જોડેલુ છે. તેની સાથે તે આટલી કીંમતનું છે, અને મોતીઓની કીંમત દસ દીનાર થી પણ વધુ છે. તમે તે ગોશવારા મારી ફલાણી ખાદેમાને આપી દેજો. મે તેને તે અતા કરી દીધા છે.

પછી અહીં થી સીધા બગદાદ પાછા જાવ અને આ રકમ હાજીઝના હવાલે કરી દેજો અને તે તમને તમારી મુસાફરીના ખર્ચ પેટે જે આપે તે લઇ લેજો અને તે દસ દીનાર જેના બારામાં તે ઔરતનું ગુમાન છે. કે તેનીમાં એ તેની શાદી માટે કર્ઝ લીધું છે, અને તે ઔરતને ખબર નથી કે તે કોની પાસેથી લીધુ હતું પણ આવુ નથી. તે ઔરતને ખબર છે,કે કોની પાસેથી દસ દીનાર કર્ઝ લેવામાં આવ્યા હતા. તેનું નામ કુલસુમબીન્તે અહમદ છે.જે નાસેબા છે. એટલે કે દુશ્મનાને અહલે બૈત (અ.મુ.સ.) છે. અને આતેકા ચાહે છે કે તે તેણીને આ (રકમ)ન આપે પરંતુ તેની (આતેકાની) નાદાર બહેનોમાં તકસીમ કરી નાખે,અને અય ઇબ્ને અલી રવહ! હવે તમે જઅફરની પાસે તેની અજમાઇશ કરવા નહિ જાવ પરંતુ સીધા તમારા ઘરે પાછા ચાલ્યા જાવ, કેમકે તમારા કાકાનો ઇન્તેકાલ થઇ ચુકયો છે અને વારસામાં અલ્લાહે તેનો માલ તમારા નસીબમાં લખ્યો છે.

આ પત્ર વાંચીને હું સીધો બગદાદ પાછો ફર્યો. તે થેલી હાજીઝ ને સોંપી દીધી. તેણે થેલીની રકમ ગણી તો એક હજાર દીરહમ અને પચાસ દીનાર હતા. પછી હાજીઝે મને ત્રીસ દીનાર આપ્યા અને કહયું મને હુકમ મળ્યો છે કે આટલી રકમ હું તમારા ખર્ચ માટે તમોને આપુ.પછી હું ત્યાંથી મારા ઉતારે પાછો ફર્યો ત્યાં એક માણસ આવ્યો અને મને ખબર આપી કે તમારા કાકા નો ઇન્તેકાલ થઇ ચુકયો છે, અને તમારા ઘર વાળા ચાહે છે કે તમો ઘરે પાછા



લઇએ અને ઝવ્વારોને આવવાનો સમય થાય એટલે દરવાજા ખોલી નાખશું.

અમે સહેનમાંથી હરમ તરફ ગયા અને હરમનો જે દરવાજો ઝરીહે મુકદદસની સામે પડતો હતો એ દરવાજો ખોલ્યો, અને અંદર દાખલ થયા. રોઝાની નજદીક ગયા ત્યારે જોયુ કે એક નુરાની શખ્સ ઉભા છે. જે નમાઝમાં કુનુતની હાલતમાં મશ્ગુલ છે. સૈયદ હાશીમે મને કહયુ કે શુ રાત્રીનાં દરવાજાઓ બંધ કરતી વખતે તમે તપાસ નહોતી કરી. મે કહયું કે મે સંપૂર્ણ રીતે તપાસ કરી હતી પરંતુ હરમની અંદરતો કોઇ ન હતુ. સૈયદ હાશીમે કહયુ તમે ચીરાગ લઇ આવો હુ આ વ્યકિતના ચેહરાને જોવ જેથી તેને ઓળખી શકાય. હું ચીરાગ લાવ્યો. તેમણે નજર કરી પરંતુ ઓળખી ન શકયા અને કહયુ હું આ વ્યકિતને નથી ઓળખતો અને મે એમને કયારેય જોયા નથી.

અમે બન્ને તેમની નમાઝ પુરી થવાની રાહ જોઇ ઉભા રહયા. ઘણીવાર થઇ અમે ઉભા ઉભા થાકી ગયા, પરંતુ તેઓ હજુ સુધી એમજ કુનુતની હાલતમાં ઉભા હતા. સૈ. હાશીમે કહયુ આપણે હરમની અંદર તપાસ કરી લઇએ કે બીજુ પણ કોઇ અંદર નથીને.અમે અંદર જઇ ઝરીહની પાછળના ભાગમાં તપાસ કરી જયારે એ વ્યકિત તરફ પાછા ફર્યા તો જોયુ કે તેઓ ગાયબ છે. ત્યાં હાજર નથી. અમે તેમને ગોતવા લાગ્યા પરંતુ તેમનુ કયાય નામો નીશાન ન હતુ.

સૈ. હાશીમે કહયુ તમામ દરવાજાઓ બંધ છે. તો પછી આ વ્યકિત કયાંથી નીકળી ગયા? પછી સૈ.હાશીમે પોતાના અમામાને માથા પરથી ઉતારી ફેંકી દીધો અને સર પીટવા લાગ્યા. મે કહયુ સૈ.હાશીમ તમને શું થઇ ગયું? તેમણે કહયુ મને યકીન થઇ ગયુ કે આ સય્યદ આપણા મૌલા હ.હુજજત (અ.ત.ફ.શ.)હતા. પરંતુ આપણે તેમને ઓળખી ન શકયા. પછી અમે ખુબ રડયા અને થોડી વારમાં ઝવ્વારોનો આવવાનો સમય થઇ ગયો. માટે અમે દરવાજાઓ ખોલી નાખ્યા.(બરકાતે ઇમામ (અ.સ.) પેજ.૨૩૦).

## પ્રકરણ – ૧૩

## મોહમ્મદ (સ.અ.વ)અને મુસલમાનોના બે સમૂહ

મોહમ્મદ (સ.અ.વ.) મદીનાની મસ્જીદમાં દાખલ થયા. તો તેમની

તેમણે મને કહ્યુ કે તુ હજી સુધી પાછળ કેમ રહી ગયો છે?

મે કહ્યુ કે હુ મજબુર છું, મારી પાસે કાફલા સુધી પહોંચવાનો કોઇ રસ્તો નથી. તેમણે કહ્યુ જલ્દી કર. હજુ તેમનાં આ શબ્દોની પુરા નહોતા થયા કે મે જોયુ કે તેમનાં શબ્દોની બરકતથી હું ખાનકીનમાં પહોચી ગયો હતો. હુ કાફલામાં ભળી ગયો. મારી માતા સાથે મુલાકાત કરી ખુબ ખુશ થયો. મે મારી માતાને પુછ્યુ કે તમે કયા સમયે ખુબજ પરેશાન થયા હતા? તેમણે કહ્યુ કે હુ તારી જુદાઇમાં ફલાણા સમયે ખુબ ચીંતીત થઇ અને એવી હાલતમાં અલ્લાહથી ગીર્યાઓ જારી કરી કે એક નુર ફેલાણુ અને થોડી વારમાં તુ અહી પહોચી ગયો.હુ સમજી ગઇ કે અલ્લાહ ત.વ.ત. એ આ નુરની બરકતથી તને મારા સુધી પહોચાડી દીધો.

(બરકાતે ઇમામ (અ.સ.) પેજ.૨૦૯.)

## પ્રકરણ – ૧૨

## ઈમામ હુસૈન (અ.સ.)ના રોઝાનાં ખાદીમને મુલાકાત

શેખ હુસૈન કે જે નેક મુત્તકી પરહેઝગાર અને ભરોસાપાત્ર વ્યકિત હતા. તેઓ ઇ.હુસૈન (અ.સ.)નાં રોઝાના મુજાવર હતા અને દેખરેખ રાખતા હતા અને ઇ.હુસૈન (અ.સ.)નાં ખાદીમોમાં સૌથી જુના હતા. તેઓ બયાન કરે છે કે

હુ અને મહુર્મ સૈ.હાશીમ કે જે નાએબે મુતવલ્લી હતા, જેમનાથી જવાબદારી રોઝએ મુબારકનાં દરવાજા ખોલવાની અને બંધ કરવાની હતી. અમે બન્ને સેહને મુકદ્દસમાં રહેતા. અમારો નિત્યક્રમ એ હતો કે અમે બન્ને રાતનાં પ્રથમ હિસ્સામાં હરમે મુકદ્દસનાં તમામ રૂમની ચારે બાજુ તપાસ કરી લેતા કે કોઇ અંદર બાકી નથી રહી ગયુ ને. ત્યાર બાદ અમે હરમના દરવાજાઓને બંધ કરી દેતા.

એક રાત્રે રોજનાં ક્રમ મુજબ અમે તમામ સહેનમાં તપાસ કરી જયારે કોઇ ઝવ્વારને અંદર ન જોયા પછી અમે દરવાજાઓને બંધ કરી દીધા. એ રાત્રે હુ વહેલો ઉઠી ગયો અને મે સૈ હાશીમને ઉઠાડયા અને કહ્યુ કે ઝવ્વારો માટે દરવાજા ખોલવાને અડધી કલાકની વાર છે. માટે આપણે નમાઝ પઢી



ફરો.હું મારા ઘરે પાછો ફર્યો તો જોયુ કે મારા કાકાનો ઇન્તેકાલ થઇ ચુકયો હતો અને તેના તરફથી મને ત્રણ હજાર દીનાર અને એક લાખ દીરહમ વારસામાં મળ્યા છે.(બેહારૂલ અન્વાર ભા.૧૧ )

(ઉર્દુ પેજઃ૪૦૦થી ૪૦૪).

## પ્રકરણ – ૧૦

## ઈ.ઝમાના અ.સ.ની દુઆથી પતિ પત્ની વચ્ચે સમાધાન થયું.

અબુ ગાલીબ ઝરારી કહે છે કે હું એક વખત કુફાથી બહાર જવા નીકળ્યો અને મારી સાથે મારો એક બીરાદરે ઇમાની પણ સાથે હતો (તે ઝમાનો જ. શૈખ અબુ કાસીમ હુસૈન બીન રવ્હનો હતો. તે ઇ.ઝમાના અ.સ.ના નાએબે ખાસમાંના ત્રીજા નાએબ હતા, અને તેઓએ પોતાના સફીર તરીકે અબુ જાઅફર શલમગાનીની નિયુકત કર્યા હતા. તેઓ લોકોની હાજત અને મસાએલ હુસૈનબીન રવ્હ સુધી પહોંચાડતા હતા.

મારા દોસ્તે મને કહ્યુઃ શું તમો અબુ જઅફર શલમગાની પાસે મારી સાથે આવશો. આજ કાલ તેઓજ વસીલા તરીકે છે.અને મારો ઇરાદો છે કે હું તેઓને વિનંતી કરૂ કે તેઓ બારગાહે ઇ.ઝમાના અ.સ.માં મારી હાજત પહોંચાડે. મે કહ્યું હા ચાલો.પછી અમો તેના પાસે ગયા અને તેઓની બેઠકમાં જોયુ તો અમારા ઘણા બધા દોસ્તો બેઠેલા હતા. અમે બંનેએ બેઠકમાં જઇ અને સલામ કરીને બેઠા.

અબુ જઅફર શલમાગાની એ મારી સામે જોયુ અને મારા બારામાં પૂછયુઃ આ જવાન કોણ છે? મારા દોસ્તે જવાબ આપ્યો આ આલે ઝરારાહ (કબીલા)નો એક માણસ છે.પછી તેઓએ મને પૂછયું ઝરારાહ કુટુંબમાંથી તમે કોના ફરઝંદ છો? મે કહ્યું જનાબ હું ઝરારાહના ભાઇ બકીર બીન અઇનનો પુત્રછું. તેઓએ કહ્યું, હા તેઓનું કુટુંબ મઝહબી મામલામાં જલીલુલ કદ્ર છે. ત્યાર બાદ મારા સાથીએ તેઓને અર્ઝ કરીઃ જનાબ હું ઇચ્છું છુ કે તમો મારા એક કામ માટે અરીઝામાં મારા માટે દુઆ કરવાની વિનંતી કરો. તેઓએ કહ્યુ ઠીક છે.

મે જયારે આ સાંભળ્યું તો મારા દીલમાં પણ ઈચ્છા થઈ કે હું પણ અરીઝા લખુ અને મારા દીલમાં આ બાબત લખવાની ઈચ્છા હતી કે મારી પત્ની જે મારાથી ખુબ નારાઝ હતી (અને તે તેના પિયર ચાલી ગઈ હતી) અને તેણી માટે મારા દીલમાં મોહબ્બત હતી. તેના માટે દુઆની વિનંતી કરૂ અને આ વાત મે કોઈને પણ બતાવી ન હતી. તેથીમે નકકી કર્યુ કે આ વાત હું અરીઝા માં પણ જણાવું નહીં.પછી મે કહયુઃ- અલ્લાહ તઆલા હંમેશા આપને જીવંત અને સલામત રાખે. મારી પણ એક હાજત છે.તેઓએ પુછયું શું હાજત છે?

મે કહયું મારી હાજત મારા દીલમાં છે. અને તેના માટે દુઆની વિનંતી છે.તેઓએ તેમની સામે રાખેલ એક કાગળ ઉપાડયો.તેમાં લોકોની હાજતો લખેલી હતી. તેના પર તેમણે લખયું કે તેના દીલમાં જે હાજત છે,તેના માટે દુઆ ચાહે છે.એ પછી તેઓએ કાગળ વાળીને મુકી દીધો અને અમો ત્યાંથી ચાલ્યા ગયા.

થોડા દીવસો પછી મારા સાથીએ મને કહયુ, શું અબુ જાઅફર પાસે નથી જવું? જેથી આપણે જાણીતો શકીએ કે આપણી હાજતોના બારામાં શું જવાબ આવ્યો છે.? પછી અમે બન્ને અબુ જાઅફર પાસે ગયા અને સલામ કરીને બેસી ગયા. તેઓએ અમને જોઈને કાગળ કાઢયો જેમાં બધા મસાએલના જવાબ લખેલા હતા. પહેલા તેઓએ મારા સાથીદારના સવાલનો જવાબ વાંચી સંભળાવ્યો. પછી મારા તરફ ફરીને આ જવાબ વાંચ્યો,અને રહયો ઝોરારીનો પ્રશ્ન તે તો પતિ પત્નિનો કીસ્સો છે,અને અલ્લાહ તઆલાએ તે બન્નેની વચ્ચે સમાધાન કરાવી દીધુ છે.

આ જવાબ સાંભળીને મારા દીલ પર મોટી અસર પડી. પછી અમે લોકો ત્યાંથી પાછા ફર્યા અને પછી રસ્તામાં મારા સાથીએ મને કીધુ. હવે તને યકીન આવ્યુ? મે કહયુઃ યકીન જ નહીં પણ ખુબજ નવાઈ પણ લાગી. તેણે કહયુઃ એમ કેમ? મે કીધુ આ એક રહસ્ય હતુ. જેને મારા અને અલ્લાહ સિવાય કોઈ નહોતુ જાણતુ પણ તેઓએ તેને દેખાડયુ અને તેનો ઉકેલ પણ આપી દીધો.

તેણે કહયુઃ શું તને ઈ.ઝમાના અ.સ.ના બારામાં શક હતો? ઠીક હવે બતાવ વાત શું છે? મે તેને મારી વાત કરી તો તેને પણ નવાઈ લાગી. પછી હું



જયારે કુફા પાછો ગયો અને જયારે મારા આવવાની ખબર ઉમ્મે અલી અલ્લાસ (મારી પત્ની)ને પડી કે જે મારાથી નારાઝ થઈને તેના પિયર જતી રહી હતી. તે ખુદ મારી પાસે આવી અને મને મનાવવાની કોશીષ કરવા લાગી અને મારી માફી માંગી અને હું પણ તેનાથી રાજી થઈ ગયો. અને અમારા બન્નેનું સમાધાન થઈ ગયું.પછી તેણીએ મરતે દમ સુધી કયારે પણ મારી નાફરમાની, વિરોધ નથી કર્યો.

(બેહારૂલ અનવાર (ઉર્દુ) ભાગઃ-૧૧)

## પ્રકરણ – ૧૧

## એક તાલીબે ઈલ્મની ઈમામ (અ.સ.)થી મુલાકાત

આગા મીર્ઝા હાદી બજસ્તાની પોતાના એક ભરોસા પાત્ર તાલીબે ઈલ્મથી આ બનાવને લખે છે. કહે છે કે હું મારી માતાની સાથે કસેશીરી અને ખાનકીનનાં માર્ગે થઈ હરમે મુબારકની ઝિયારત માટે કાફેલા સાથે ગયો. ખાનકીનનાં રસ્તા ઉપર કાફલાથી અલગ પડી ગયો અને રસ્તો ભુલી ગયો. હું આમ તેમ દોડતો હતો અને મુંઝવણમાં હતો કે આ રસ્તો કઈ રીતે પસાર કરૂ. હું થાકી ગયો અને લાચાર થઈ ગયો. મારા પગોમાં તાકાત ન રહી. માટે હુ એક જગ્યા ઉપર જઈ બેસી ગયો ત્યાં મે એક એવા વ્યકિતને જોયો કે જેનાં હાથમાં ખંજર હતુ. એ શખ્સથી એટલો ડરી ગયો કે કરીબ હતુ કે મારી રૂહ મારા શરીરમાંથી નીકળી જાય.

આવી હાલતમાં મે ત્રણ વાર કહયુ ''યા અબા સાલેહ અદરીકની'' અને ચોથી વાર કહયું ''આ અબલ ગવ્સ અગીસ્ની''. અચાનક મે મારી જાતને તેનાથી દુર બીજા રસ્તા પર જોઈ. હુ ખુબજ ભુખ્યો થયો હતો. મે અલ્લાહથી દુઆ કરી ''અય પરવરદીગાર તેજ કહયુ છે, કે મારો બંદો જયાં પણ હશે. હું તેને રોઝી અતા કરીશ''. અચાનક મે જોયુકે સામેથી એક અરબી શખ્સ આવી રહયા હતા. જેનું દામન રોટીઓથી ભરેલુ હતુ. મે તેમને કહયુ તમે આ રોટીઓને એક અનામ (ઈરાકી નાણુ)માં મને વેચો. મે તેમને પૈસા આપ્યા અને તેમણે મને રોટીઓ આપી દીધી. ત્યાર પછી હું ત્યાં આવેલા મશહુર અને લીલાછમ કીલ્લામાં ગયો. ત્યાં મે એક બીજા અરબી શખ્સને જોયા